RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 17* Date: 11.11.2020 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### આઠ વિધાનસભા બેઠકો પર ભાજપની ક્લિનસ્વિપ, કોંગ્રેસ ખાતુ પણ ખોલાવી ન શકી

# ભાજપમાં દિવાળી, કોંગ્રેસમાં સન્નાટો: આઠ બેઠક પર કમળ ખીલ્યું

### આઠ બેઠક ગુમાવતા કોંગ્રેસ પાસે ૬૫ બેઠક રહી, ભાજપની બેઠક વધીને ૧૧૧ થઈ, ૧૮૨ સભ્ય સંખ્યા ધરાવતી વિધાનસભામાં હાલ બે બેઠક ખાલી પડી છે





*ગાંધીનગર,તા.૧૦*

ગુજરાત રાજયમાં વિધાનસભાની તમામ આઠ બેઠકો – અબડાસા, લીંબડી, મોરબી, ધારી, ગઢડા, કરજણ, ડાંગ અને કપરાડાની યોજાયેલી પેટા-ચૂંટણીના આજે જાહેર કરાયેલા પરિણામમાં શાસક ભારતીય જનતા પાર્ટીએ જીત હાંસલ કરી છે. કોરોના રોગચાળા વચ્ચે પેટા-ચૂંટણીમાં ૬૦.૭૫ ટકા મતદાન થયું હતું. આજે સવારે આઠ વાગ્યાથી વિધાનસભાની આઠેય બેઠકો ખાતે મતગણતરી શરૂ કરવામાં આવી હતી. સવારે આઠ વાગ્યાથી તમામ જિલ્લાનાં મતદાન કેન્દ્રો પર મતગણતરીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. પ્રારંભિક મતગણતરીમાં ભાજપ આઠ બેઠકો પર વિજય મેળવ્યો છે, કોંગ્રેસ પાર્ટી એકેય બેઠક પર જીતી શકી નથી.

મતકેન્દ્રો ઉપર ૨૫ ખંડમાં ૯૭ ટેબલ પર ગણતરી કરવામાં આવી હતી. કુલ ૩૨૦ કર્મચારીઓ મતગણતરીના કાર્યમાં જોડાયા હતા. ૧૭ મતદાન મથકો પર ઈફ્રસ થી મતગણતરી કરવામાં આવી હતી. કુલ ૯૭ ટેબલ પર મતગણતરી હાથ ધરાઈ હતી.

કોરોનાને લઈને મતગણતરી માટે તમામ કાઉન્ટિંગ કેન્દ્રોને સેનિટાઇઝ કરવામાં આવ્યા હતા. ત્રીજી નવેમ્બરે રાજયમાં આઠ વિધાનસભા બેઠકો – અબડાસા, લીંબડી, મોરબી, ધારી, ગઢડા, કરજણ, ડાંગ અને કપરાડા ખાતે કોરોના ગાઇડલાઇન સાથે મતદાન યોજવામાં આવ્યું હતું.

સવારે બેલેટપેપર ગણતરીમાં ભાજપ ૭ બેઠકો અને કોંગ્રેસ ૧ બેઠક પર આગળ હતું. ત્યાર બાદ ભાજપે ૮ બેઠકોમાં લીડ મેળવી હતી અને ત્યારબાદ વિજય પ્રાપ્ત કર્યો હતો. પેટાચૂંટણીમાં ભાજપના ઉત્કૃઠ પ્રદર્શનને જોતા કમલમ ખાતે દિવાળી જેવો માહોલ હતો જ્યારે કોંગ્રેસના કાર્યાલય પર સન્નાટો છવાયો હતો.

આઠેય બેઠક પર ભાજપની જીત થઈ છે જ્યારે કોંગ્રેસનો સફાયો થયો છે. ચૂંટણી પહેલા આ આઠેય બેઠક કોંગ્રેસ પાસે હતી. રાજ્ય સભાની ચૂંટણી પહેલા કોંગ્રેસના આઠ ધારાસભ્યોએ રાજીનામું ધરી દીધું હતું. આ કારણે ગુજરાતમાં પેટા-ચૂંટણી યોજવી પડી હતી. આ સાથે જ ગુજરાત વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટી (BJP)ની કુલ સભ્ય સંખ્યા વધીને ૧૧૧ પર પહોંચી છે.

પેટા-ચૂંટણી બાદ ગુજરાત વિધાનસભાની સ્થિતિ જોઈએ તો ભાજપના ૧૧૧, કોંગ્રેસના ૬૫, બીટીપીના ૨, એનસીપીના ૧, અપક્ષ ૧ ધારાસભ્ય રહ્યા છે. ૧૮૨ સભ્ય સંખ્યા ધરાવતી ગુજરાત વિધાનસભામાં હાલ બે બેઠક ખાલી પડી છે. આ અંગેનો નિર્ણય ચૂંટણી પંચ તરફથી લેવામાં આવશે. હાલ દેવભૂમિ દ્વારકા અને મોરવા હડફ બેઠક ખાલી પડી છે.

અબડાસા પેટા ચૂંટણીમાં ભાજપનો ઐતિહાસિક વિજય થયો છે, અને આ સાથે ભાજપે અબડાસામાં ઈતિહાસ રચાયો છે. ભાજપના ઉમેદવાર પદ્યુમનસિંહ જાડેજાની જીત થઈ છે. ૩૭,૯૨૮ મતથી જીત મેળવી છે. આ સાથે જ અબડાસામાં પ્રદ્યુમનસિંહ જાડેજાએ સળંગ બેવાર જીતવાનો રચ્યો ઈતિહાસ છે.

મોરબીમાં ભાજપના ઉમેદવાર બ્રિજેશ મેરજાને ૬૩૯૫૯ કોંગ્રેસના ઉમેદવાર જયંતી પટેલને ૫૯૫૯૫ મત મળ્યા છે. મોરબીમાં ભાજપના ઉમેદવાર બ્રિજેશ મેરજા ૪૩૫૪ મતથી વિજેતા થયા છે. મોરબી બેઠક પર સાંસદ મોહન કુંડારીયા કિંગ મેકર બન્યા છે.

લીંબડી વિધાનસભા પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર કિરીટસિંહ રાણા ૩૫૫૩૯ મતે જીત મેળવી છે. આ સાથે જ કિરીટસિંહ તેમની ભવાન ભરવાડ સામે અગાઉ મળેલી હારનો જીત મેળવીને રેકોર્ડ તોડ્યો છે. અહીં કોંગ્રેસના ધારાસભ્ય સોમા ગાંડા પટેલે રાજીનામું આપી દેતા ચૂંટણી યોજાઈ હતી. જેમાં કિરીટસિંહની મતગણતરીમાં પહેલાથી જ જીત નિશ્ચિત માનવામાં આવી રહી હતી. કરજણ બેઠકની પેટાચૂંટણીની ભાજપના ઉમેદવાર અક્ષય પટેલનો ૧૬,૪૦૯ મતથી વિજય થયો છે. આમ ભાજપે કોંગ્રેસ પાસેથી કરજણ બેઠક આંચકી લીધી છે. ભાજપના ઉમેદવાર અક્ષય પટેલને ૭૬,૮૩૧ મત અને કોંગ્રેસના ઉમેદવાર કિરીટસિંહ જાડેજાને ૬૦૪૨૨ મત મળ્યા હતા.

જોકે, ૧૫થી ૧૮ રાઉન્ડ સુધીમાં ભાજપના ઉમેદવારની લીડમાં ૫૮૬૧ મતનો ઘટાડો થયો હતો. જોકે ૧૯થી ૨૯માં રાઉન્ડમાં ભાજપની લીડમાં ૧૦,૮૦૮ મતની લીડ વધી ગઇ હતી, જેથી કોંગ્રેસના ઉમેદવારે હાર સ્વીકારીને મતગણતરી કેન્દ્રમાંથી બહાર નીકળી ગયા હતા.

### શાંઘાઈ સહયોગ સંગઠન શિખર સંમેલનમાં વડાપ્રધાનનું નિવેદન

## ભારતે હંમેશા, આતંકવાદ, ગેરકાયદેસર હથિયારો અને મની લોન્ડ્રિંગના વિરોધમાં અવાજ ઉઠાવ્યો

*ન્યુ દિલ્હી,તા.૧૦*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની તરફથી શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) શિખર સંમેલન ૨૦૨૦મા ભાગ લીધો. ભારત અને ચીનની વચ્ચે સરહદ પર તણાવની સ્પષ્ટ અસર આ બેઠકમાં જોવા મળી જેમાં ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગે પણ ભાગ લીધો હતો. આ સિવાય પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાન પણ સંમેલનમાં હાજર હતા. પીએમ મોદીએ ના તો પોતાના સંબોધનની શરૂઆતમાં જિનપિંગ કે ઈમરાન ખાનનું નામ લીધું નહીં અને ના તો ભાષણ ખત્મ કરતાં સમયે બધાનો આભાર માનતા ચીન, પાકિસ્તાનનો ઉલ્લેખ કર્યો. આખી મીટિંગમાં જિનપિંગને 'ઈગ્નોર' કર્યા. પીએમ મોદીના ભાષણ દરમ્યાન જિનપિંગ અને ઈમરાન પૂરો સમય આમ-તેમ જોતા રહ્યા. ચીન અને પાકિસ્તાનનું નામ લીધે વગર મોદીએ કહ્યું કે કેટલાંક દેશ SCOમાં દ્વિપક્ષીય મુદ્દો ઉઠાવાની કોશિષ કરે છે. આ SCO ચાર્ટરની વિરૂદ્ધ છે.

પીએમ મોદીએ કહ્યું કે આપણે હંમેશા આતંકવાદ, ગેરકાયદેસર હથિયારોની તસ્કરી, ડ્રગ્સ અને મની લોન્ડ્રિંગના વિરોધમાં અવાજ ઉઠાવીએ છીએ. ભારત એસસીઓ ચાર્ટરમાં નક્કી સિદ્ધાંતો અનુસાર SCOના અંતર્ગત કામ કરવાની પોતાની પ્રતિબદ્ધતામાં દ્રઢ રહે છે. પરંતુ આ દુર્ભાગ્યપૂર્ણ છે કે એસીઓ એજન્ડામાં વારંવાર બિનજરૂરી દ્વિપક્ષીય મુદ્દાઓ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જે એસસીઓ ચાર્ટર અને શાંઘાઇ સ્પિરિટનું ઉલ્લંઘન કરે છે. આ પ્રકારના પ્રયાસ SCOને પરિભાષિત કરનાર સર્વસહમતિ અને સહયોગની ભાવનાની વિપરીત છે.

મોદીએ પોતાના સંબોધનની શરૂઆતમાં સંયુક્ત રાષ્ટ્રના લક્ષ્યો પર વાત કરી. તેમણે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્ર એ પોતાના ૭૫ વર્ષ પૂરા કર્યા છે. પરંતુ અનેક સફળતાઓ બાદ પણ સંયુક્ત રાષ્ટ્રનું મૂળ લક્ષ્ય અધૂરું છે. મહામારીની આર્થિક અને સામાજિક પીડાથી ઝઝૂમી રહેલા વિશ્વની અપેક્ષા છે કે યુએનની વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન આવે.

શાંઘઇ સહયોગ સંગઠનના આ સંમેલનનું આયોજન આ વખતે રૂસ કરી રહ્યું છે. ભારત અને રશિયા સિવાય આ ગ્રૂપમાં ચીન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તઝાકિસ્તાન, પાકિસ્તાન અને ઉઝ્બેકિસ્તાન સામેલ છે.

### કુલ કેસ વધીને ૮૫.૯૧ લાખે પહોંચ્યા

## દૈનિક કેસમાં ઘટાડો, છેલ્લા ૨૪ કલાકમાં નોધાયા ૩૮૦૭૪ નવા કેસ

ન્યુ દિલ્હી,તા.૧૦

કોરોના વાયરસના રોજિંદા કેસોમાં તાજેતરના સમયમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૮,૦૭૪ નવા કેસ નોંધાયા છે, જે નોંધાયેલા ૪૫,૯૦૩ કેસો કરતા નોંધપાત્ર રીતે ઓછા છે. તે જ સમયે, આ સમયગાળા દરમિયાન દૈનિક મૃત્યુમાં પણ ઘટાડો થયો છે. સતત બીજા દિવસે મૃત્યુઆંક ૫૦૦ થી ઓછો રહ્યો છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૩૮,૦૭૪ નવા કેસ નોંધાયા છે. તે જ સમયે, કોવિડ -૧૯ ને કારણે ૪૪૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. દેશમાં કોરોના વાયરસના ઈન્ફેકશનની કુલ સંખ્યા ૮૫,૯૧,૭૩૧ છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૪૨,૦૩૩ નવા ડિસ્ચાર્જ સાથે કુલ સાધ્ય કેસ ૭૯,૫૯,૪૦૬ છે. મળતી માહિતી મુજબ દેશમાં કોરોનાથી રીકવર થયેલા દર્દીઓની સંખ્યા ૭૯,૫૯,૪૦૬ છે. છેલ્લા ૨૪ કલાકમાં, ૪૨,૦૩૩ દર્દીઓ ચેપથી મુક્ત, હોસ્પિટલમાંથી ઘરે પાછા ફર્યા છે. તે જ સમયે, દેશમાં સક્રિય કેસની સંખ્યા છ લાખથી ઓછી છે. મંત્રાલયના ડેટા મુજબ, દેશમાં સક્રિય કેસની સંખ્યા ૫,૦૫,૨૬૫ છે. છેલ્લા ૨૪ કલાકમાં તેમાં ૪,૪૦૮ નો ઘટાડો થયો છે. તે જ સમયે, કોરોનાને કારણે પોતાનો જીવ ગુમાવનારા લોકોની સંખ્યા ૧,૨૭,૦૫૯ છે.

## સુરક્ષાદળોને મોટી સફળતા: જમ્મુ કશ્મીરના શોપિયાંમાં બે આતંકવાદી ઠાર



શ્રીનગર,તા.૧૦

જમ્મુ કશ્મીરના શોપિયાં વિસ્તારમાં સિક્યોરિટી દળોએ બે આતંકવાદીને ઠાર કર્યા હતા. આ વિસ્તારમાં બીજા આતંકવાદી છૂપાયા હોય તો તેમની તલાશી ચાલુ હતી. સિક્યોરિટી પ્રવક્તાએ જણાવ્યા મુજબ શોપિયાંના કુટપોરા વિસ્તારમાં આતંકવાદીઓ છૂપાયા હોવાની બાતમી મળતાં ૩૪ રાજસ્થાન રાયફલ્સ અને કેન્દ્રીય અનામત પોલીસ દળની ટૂકડીઓ ત્યાં ધસી ગઇ હતી અને આતંકવાદીઓને શરણે થવાની ચેતવણી આપી હતી. એના જવાબમાં સામેથી ગોળીબાર શરૂ થયા હતા. સિક્યોરિટી દળોએ વળતા ગોળીબાર કર્યા હતા જેમાં બે આતંકવાદી ઠાર થયા હતા. આ બંનેની ઓળખ કરવાની હજુ બાકી હતી. આ વિસ્તારમાં કદાચ બીજા આતંકવાદી છૂપાયા હોઇ શકે એવી શક્યતા પરથી સિક્યોરિટી દળોએ સઘન તપાસ શરૂ કરી હતી. દરમિયાન, ભારતીય લશ્કરના ગુપ્તચર વિભાગને મળેલી બાતમી મુજબ લાઇન ઑફ કન્ટ્રોલની પેલે પાર પાકિસ્તાનના કબજા હેઠળના કશ્મીરમાં ફરી એકવાર આતંકવાદી તાલીમ શિબિરો ધમધમતા થઇ ગયા હતા. ૩૦૦થી વધુ આતંકવાદી દેશમાં ઘુસવાની ફિરાકમાં હતા. પાકિસ્તાનમાં બેઠેલા તેમના આકાઓએ એવી સૂચના આ આતંકવાદીઓને આપી હતી કે બરફ પડવાનો શરૂ થઇ જાય અને ઘુસણખોરીના માર્ગો બંધ થઇ જાય એ પહેલાં બને તેટલા આતંકવાદીઓને કશ્મીર વેલીમાં ઘુસાડી દેવા. બોર્ડર સિક્યોરિટી ફોર્સના વધારાના ડાયરેક્ટર જનરલ સુરીન્દર પવારે કહ્યું હતું કે લોંચિંગ પેડ્સ પર અઢીસોથી ત્રણસો આતંકવાદીઓ દેશમાં ઘુસવા માટે તૈયાર બેઠાં હોવાની માહિતી મળી હતી. આપણા સિક્યોરિટી દળો સતર્ક હતાં.




### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૦૪૯

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૮૨૭૧૯

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૫

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૮૭૯

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૬૬૪૬૮

## નવેમ્બરમાં નિકાસ ૨૨.૪૭% વધી, અર્થતંત્ર સુધારાના માર્ગે

*ન્યુ દિલ્હી,તા.૧૦*

દેશના અર્થતંત્ર માટે સુધારાના સંકેત છે. નવેમ્બરના પહેલા સપ્તાહમાં દેશની નિકાસ વાર્ષિક ધોરણે ૨૨.૪૭ ટકા વધીને ૬.૭૫ અબજ ડોલરે પહોંચી છે, જેમાં મુખ્યત્વે ફાર્માસ્યુટિકલ્સ, જેમ્સ અને જ્વેલરી અને એન્જિનિયરિંગ સેક્ટરનો નોંધપાત્ર ગ્રોથને પ્રતાપે છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ગયા વર્ષે નવેમ્બરના પહેલા સપ્તાહ સુધીમાં ૫.૫૧ અબજ ડોલર હતી. ચાલુ વર્ષે ૧-૭ નવેમ્બરમાં આયાત ૧૩.૬૪ ટકા વધીને ૯.૩૦ અબજ ડોલર (૮.૧૯ અબજ ડોલર) થઈ ગઈ છે. પેટ્રોલિયમ સિવાયની આયાત સપ્તાહ દરમ્યાન ૨૩.૩૭ ટકા વધી હતી. સપ્તાહ દરમ્યાન વેપાર ખાધ ૨.૫૫ અબજ ડોલર રહી હતી, એમ અધિકારીએ કહ્યું હતું. ફાર્માસ્યુટિકલ્સ અને જેમ અને જ્વેલરીની નિકાસ ૩૨ ટકા વધીને ૧૩.૯૧૨ કરોડ ડોલર અને ૮૮.૮ ટકા વધીને ૩૩૬.૦૭૧ કરોડ ડોલર થઈ છે. એ જ રીતે સપ્તાહ દરમ્યાન એન્જિનિયરિંગ માલસામાનની નિકાસ ૧૬.૭ ટકા વધીને ૨૧.૫૧૩ કરોડ ડોલર થઈ હતી.

## તંત્રી સ્થાનેથી...

# ટ્રમ્પે વ્હાઈટ હાઉસ છોડ્યા બાદ જેલમાં જવું પડશે...!?

પ્રમુખપદની ચૂંટણીમાં પરાજિત થવા છતાં હાલના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કેમ પરાજય સ્વીકારતા નથી એનો જવાબ કદાચ એ હકીકતમાં છૂપાયેલો છે કે એકવાર વ્હાઈટ હાઉસ છોડે પછી એમને જેલમાં જવું પડી શકે.

બીબીસીના એક રિપોર્ટ મુજબ એમણે પોતાના શાસન દરમિયાન જે ગરબડ ગોટાળા કર્યા હતા એની તપાસ બીડેન કરાવે તો ટ્રમ્પે જેલમાં જવું પડે એટલુંજ નહીં એમની આર્થિક સ્થિતિ પણ બદલાઈ શકે. પ્રમુખપદે હોય ત્યાં સુધી એમની સામે કોઈ ક્રીમીનલ કાર્યવાહી કરી શકાય નહીં.

પેસ યુનિવર્સિટીના બંધારણીય કાયદાના અધ્યાપક પ્રોફેસર બેનેટ ગર્શમેને કહ્યું કે ટ્રમ્પ સામે ક્રીમીનલ કાર્યવાહી થાય એવી પૂરી શક્યતા હતી. પ્રોફેસર ગર્શમેને ન્યૂયોર્કમાં બંધારણીય કાયદાના ધારાશાસ્ત્રી તરીકે દસ વર્ષ સેવા આપી હતી.

અમેરિકી બંધારણનો એમને તલસ્પર્શી અભ્યાસ છે. તેમણે કહ્યું કે ટ્રમ્પ પર બેંક સાથે છેતરપીંડી, મની લોન્ડરીંગ, ચૂંટણીમાં ગોલમાલ, કરચોરી, વગેરે બાબતો પર કાર્યવાહી થઈ શકે છે. અત્યારે મિડિયામાં જે અહેવાલો પ્રગટ થઈ રહ્યા છે એ પણ એવું સૂચવે છે કે ટ્રમ્પ આર્થિક બાબતોના કેસમાં ફસાઈ શકે છે.

અમેરિકી મિડિયા રિપોર્ટ મુજબ ટ્રમ્પને મોટી આર્થિક મુશ્કેલીઓ પણ સહન કરવી પડી શકે છે. તેમણે અંગત અને વ્યવસાય માટે ધીંગું કર્જ કર્યું છે. એ કર્જ ચૂકવવાનું છે. દેશના પ્રમુખ હતા ત્યાં સુધી લેણદારો મૂગા બેઠા હતા. એકવાર ટ્રમ્પ વ્હાઈટ હાઉસ છોડે તો લેણદારો એમને છોડશે નહીં. એમની આર્થિક સ્થિતિ એવી છે કે એ મોટું કર્જ ચૂકવી શકે તેમ નથી. ટ્રમ્પના ટીકાકારો કહે છે કે એ પ્રમુખપદે છે એટલે એમની આર્થિક વિટંબણાઓ અને કાનૂની સમસ્યાઓ અટકેલી છે. એકવાર પ્રમુખપદ છોડે એ સાથે એમની ફરતે ગાળિયો લાગી શકે છે. પ્રમુખપદે રહીને પણ તેમણે અમેરિકી કાયદા મુજબ ઘણા અપરાધો આચર્યા છે. એટલે હવે વ્હાઈટ હાઉસ છોડતાં એ ડરે છે.

# ૨૦ વર્ષમાં ચાર વખત નીતીશ ભાજપના ટેકાથી મુખ્યમંત્રી બન્યા



પટના,તા.૧૦

૨૦૦૦: નીતીશ કુમાર ભાજપના સમર્થનથી પ્રથમ વખત રાજયના મુખ્યમંત્રી બન્યા, પણ ફક્ત ૭ દિવસ પણ પદ પર રહી શક્યા હતા.

૨૦૧૫: ૧૩મી વિધાનસભા માટે ચૂંટણી યોજાઈ હતી. દ્ભદ્બછને ૯૨ સીટ મળી હતી. ભાજપને ૩૭ અને જેડીયુને ૫૫ સીટ મળી હતી. કોઈ પક્ષને બહુમતી ન મળી હતી, ત્યારે રાષ્ટ્રપતિશાસન લાગ્યું.

૨૦૦૫: છ મહિના પછી રાજ્યમાં ફરી ચૂંટણી યોજાઈ હતી. દ્ભદ્બછને ૧૪૩ સીટ મળી હતી. જેડીયુના ૮૮ અને ભાજપના ૫૫ ધારાસભ્ય જીત્યા હતા. નીતીશ મુખ્યમંત્રી બન્યા હતા.

૨૦૧૦: NDAએ ૨૪૩માંથી ૨૦૬ બેઠક પર વિજય મેળવ્યો હતો. આ વખતે જેડીયુને ૧૧૫ અને ભાજપને ૯૧ બેઠક મળી હતી. નીતીશનો રૂઆબ અને કદ બંને વધી ગયાં. અહીંથી જેડીયુ પોતાને રાજયમાં ભાજપનો મોટો ભાઈ કહેવા લાગ્યું. આની અસર એ થઈ કે ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી પહેલાં જ મોદીના કારણે જેડીયુ દ્ભદ્બછથી અલગ થઈ ગયું હતું.

૨૦૧૫: જેડીયુ અને ભાજપે અલગથી ચૂંટણી લડી હતી, જેમાં જેડીયુ-આરજેડી-કોંગ્રેસ મહાગઠબંધનને ૧૨૬ બેઠક મળી હતી. તેમાં જેડીયુની ૭૧ બેઠક અને આરજેડીની ૮૦ બેઠક હતી. ભાજપે ૫૩ બેઠક જીતી હતી, પરંતુ મહાગઠબંધન માત્ર ત્રણ વર્ષમાં તૂટી ગયું.

૨૦૨૦: આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને જેડીયુ વચ્ચે ૫૦-૫૦ ફોર્મ્યુલા લાગુ થઈ. આ છતાં જેડીયુ ૧૨૨ અને ભાજપ ૧૨૧ સીટ પર લડ્યા હતા. આમાં તેના નાના સહયોગીઓ પણ સામેલ હતા. અગાઉ દરેક ચૂંટણીમાં જેડીયુ પોતાને ભાજપના મોટા ભાઈ હોવાનો દાવો કરીને વધુ સીટો પર ચૂંટણી લડતું રહ્યું છે.

### હાલ મતગણના ચાલુઃ એનડીએ ૧૨૨ અને મહાગઠબંધન ૧૧૧ સીટો પર આગળ

# બિહારમાં કોકડુ ગૂંચવાયુઃ એનડીએ-મહાગઠબંધન વચ્ચે કાંટે-કી-ટક્કર



પટના,તા.૧૦

આજે બિહાર વિધાનસભા ચૂંટણીનું પરિણામ અત્યારે હાલ લખાઈ રહ્યું છે ત્યાં સુધી આવ્યું નથી પરંતુ પરિણામની વાત કરીએ તો એનડીએ ગઠબંધનને ૧૨૨, મહાગઠબંધનને ૧૧૧ અને અન્યને ૧૦ સીટો મળી રહી છે. સ્પષ્ટ બહુમતી માટે ૨૪૩ સીટોમાંથી ૧૨૨ સીટો મેળવવી જરુરી છે. ૪ વાગ્યા સુધીમાં ૪.૧૦ કરોડ વોટમાંથી ૨.૨૫ કરોડ વોટ એટલે કે અંદાજે ૫૫ ટકા વોટની ગણતરી પૂરી થઈ ગઈ છે. જોકે આરજેડીએ દાવો કર્યો છે કે, બિહારે પરિવર્તન કરી દીધું છે અને મહાગઠબંધનની સરકાર બનવાનું નક્કી છે. આરજેડીએ કહ્યું છે કે, દરેક જિલ્લામાં મળતી માહિતી પ્રમાણે સ્થિતિ અમારી ફેવરમાં છે. મતગણતરી મોડી રાત સુધી ચાલશે. દરેક ઉમેદવાર અને એજન્ટ કાઉન્ટિંગ પૂરું ન થાય ત્યાં સુધી તેઓ કાઉન્ટિંગ હોલમાં જ રહેશે.

બિહાર ચૂંટણીના રુઝાનમાં એક કલાકમાં બે સરકાર બનતી જોવા મળી રહી છે. સવારે ૯ વાગે મહાગઠબંધનને ૧૨૦ સીટ મળી ચૂકી હતી અને એનડીએ ૯૦+ સીટ પર હતી. ૧૦ વાગતાં વાગતાં તસવીર બદલાઈ ગઈ. હાલ એનડીએ વધીને ૧૨૨ પહોંચી ગઈ અને મહાગઠબંધન ઘટીને ૧૧૧ પર આવી ગઈ છે.

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં આરંભિક તબક્કે તીવ્ર રસાકસી પછી હવે એનડીએની સરસાઈ સતત વધી રહી છે અને મહાગઠબંધન બે આંકડામાં સમેટાઈ રહેલું જણાય છે. પીછેહઠ કરનારા મહારથીઓ પૈકી શત્રુઘ્ન સિંહાનો પુત્ર લવ સિંહા ઉપરાંત દિગ્ગજ નેતા શરદ યાદવની પુત્રી પાછળ ચાલી રહ્યાં છે. લાલુપ્રસાદ યાદવના પુત્ર તેજપ્રતાપ પણ હાલ પાછળ છે. પોતાને મુખ્યમંત્રીપદની દાવેદાર ગણાવનાર પુષ્પમ પ્રિયા બંને બેઠક પર પાછળ છે.

ત્રણ તબક્કામાં યોજાયેલી ચૂંટણીમાં ૭.૩૪ કરોડ મતદાતામાંથી ૫૭.૦૫%એ મતદાન કર્યું. ૨૦૧૫માં ૫૬.૬૬% મતદાન થયું હતું. આ વખતે ૩,૭૩૩ ઉમેદવાર મેદાનમાં છે, જેમાંથી ૩,૩૬૨ પુરુષ, ૩૭૦ મહિલાઓ અને ૧ ટ્રાન્સજેન્ડર છે.

ભાજપને રાજયમાં ૨૦૧૫થી વધુ બેઠકો મળતી હોય તેવું લાગે છે. હમણાં સુધીમાં ભાજપ ૭૦થી ૮૦ બેઠક મેળવી શકે છે. ૨૦૧૫માં તેણે ૫૩ બેઠક જીતી હતી. જેડીયુને આશરે ૨૦થી ૨૫ સીટનું નુકસાન થઈ રહેલું જોવા મળે છે. તેને ૪૫થી ૫૦ બેઠકો મળી શકે છે. વર્તમાન પરિણામોની સાથે બિહાર અને દ્ભદ્બછમાં ઘણો ફેરફાર થવાનો છે. બિહારમાં ભાજપ અને જેડીયુની ભૂમિકા અને સ્થિતિ બંને બદલાશે. જેડીયુ અત્યારસુધીમાં બિહારમાં ભાજપના મોટા ભાઈની ભૂમિકામાં હોય છે. સીટોની વહેંચણીમાં પણ આ જોવા મળ્યું હતું. નીતીશ કહી રહ્યા છે કે અમે બિહારમાં રાજનીતિ કરીશું, ભાજપ કેન્દ્રમાં રાજનીતિ કરે.

મોટા અને નાનાભાઈની ભૂમિકામાં ફેરફાર એક-બે વર્ષમાં નહીં, પણ ૨૦ વર્ષમાં થયો છે. કેટલીક ચૂંટણીઓમાં ભાજપને પણ જેડીયુ કરતાં વધારે બેઠકો મળી હતી. આ હોવા છતાં જેડીયુ અને નીતીશે ભાજપને નાનો ભાઈ ન માન્યો. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભાજપ અને જેડીયુએ ૧૭-૧૭ બેઠક પર અને એલજેપીએ ૬ બેઠક પર ચૂંટણી લડ્યું હતું. ભાજપે તેના ક્વોટામાં તમામ ૧૭ બેઠક જીતી લીધી હતી. જેડીયુ ૧૭માંથી ૧૬ બેઠક જીતી, જ્યારે એલજેપીએ પણ તેના ક્વોટામાં તમામ ૬ બેઠક જીતી હતી.

# વોલેન્ટિયર પર વેક્સિનની ગંભીર સાઈડ ઈફેક્ટ થતા બ્રાઝિલે ટ્રાયલ પર રોક લગાવી

બ્રાઝિલિયા,તા.૧૦

વિશ્વમાં કોરોના મહામારીથી સૌથી વધુ પ્રભાવિત દેશોમાં સામેલ બ્રાઝીલે દેશમાં ચાલી રહેલા ચાઈનીઝ કોરોના વેક્સીનના માનવ પરીક્ષણ અટકાવી દીધુ છે. પરીક્ષણમાં સામેલ એક વોલેન્ટિયર પર વેક્સીનના ગંભીર સાઈડ ઈફેક્ટ જોવા મળ્યા પછી બ્રાઝીલે વેક્સીન ટ્રાયલ પર રોક લગાવી દીધી હતી. જોકે હાલમાં જ અમેરિકન ફાર્મા કંપની Pfizer અને જર્મન કંપની BioNTechએ દાવો કર્યો હતો કે, ત કોરોના વેક્સીન ફાઈનલ ટ્રાયલમાં ૯૦% કારગર સાબિત થઈ હતી.

સોમવારે બ્રાઝીલની નિયામક સંસ્થા અનવિસાએ આ અંગેની વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. સંસ્થાના જણાવ્યા મુજબ દેશમાં ચાલી રહેલા ચાઈનીઝ વેક્સીન માનવ પરીક્ષણ દરમિયાન ૨૯ ઓક્ટોબરે ગંભીર સાઈડ ઈફેક્ટનો રિપોર્ટ સામે આવ્યો, જે પછી પરીક્ષણ બંધ કરી દેવાનો નિર્ણય લેવાયો હતો. સંસ્થાએ સાઈડ ઈફેક્ટના પ્રકારની માહિતી આપ્યા વગર જ કહ્યું હતું તે આ પ્રકારની ઘટનાઓમાં મૃત્યુ, સંભવિત ઘાતક અસર, વિકલાંગતા, જન્મ સાથે જોડાયેલા વિકાર સામેલ છે.

ઉલ્લેખનીય છે કે ચાઈનીઝ ફાર્મા કંપની સિનોવાક બાયોટેકની વિકસિત કોરોનાવાક વેક્સીનને ફટકો ત્યારે જ લાગ્યો હતો જયારે અમેરિકન ફાર્મા કંપની Pfizer અને જર્મન કંપની BioNTechએ એની કોરોના વેક્સીન ૯૦ ટકા અસરકારક હોવાની જાહેરાત કરી હતી. Pfizer અને સિનોવોક અમે બંનેની કોરોના વેક્સીન ફાઈનલ ટ્રાયલના સ્ટેજમાં છે અને બ્રાઝીલમાં માનવ પરીક્ષણ ચાલી રહ્યું છે.




ઓડિશાના પુરી બીચ પર રેતીના કલાકાર સુદરસન પટ્ટનાયકે યુ.એસ.ના પ્રમુખ-ચૂંટાયેલા જો બિડેન અને ઉપરાષ્ટ્રપતિ-ચૂંટાયેલા કમલા હેરિસનું શિલ્પ બનાવી અભિનંદન પાઠવ્યા.



કોલકાતાના અલીપોર ઝૂ ખાતે બે ઝીબ્રા મસ્તી કરી રહ્યા છે.

# ભારત પાસે મજબૂત સૈન્ય બળ નહીં હોય તો દુશ્મનો તેનો ફાયદો ઉઠાવી શકે છેઃબિપિન રાવત

દિલ્હી,તા.૧૦

CDS જનરલ બિપિન રાવતે મંગળવારે કહ્યું કે, ભારતીય સેના ખૂબ જ જટિલ અને અનિશ્ચિત માહોલમાં કામ કરી રહી છે અને તેણે ક્ષેત્રમાં શાંતિ માટે ક્ષમતા વધારવી પડશે. સૈન્ય બળ મજબૂત નહીં હોય તો ભારતના દુશ્મનો તેનો ફાયદો ઉઠાવી શકે છે.

ભારતશક્તિ ડોટ ઈનના પાંચમા વાર્ષિક સંમેલનના સત્રને સંબોધિત કરતાં સીડીએસ બિપિન રાવતે જણાવ્યું કે, વિશ્વના લગભગ દરેક હિસ્સામાં નાની મોટી જંગ ચાલી રહી છે. આથી આપણે જાતે જ આપણી રક્ષા કરવાની છે. આપણા દેશની, દેશની અખંડતા અને દેશવાસીઓની રક્ષા કરવા માટે મજબૂત સૈન્ય બળની જરુર છે. તેમણે જણાવ્યું કે મજબૂત સેના બળનો અર્થ એ નથી કે ભારત કોઈ યુદ્ધની તૈયારી કરી રહ્યું છે. ક્ષેત્રમાં શાંતિ કાયમ રાખવા માટે સૈન્ય ક્ષમતા વધારવી જરુરી છે. પોતાના સંબોધનમાં તેમણે જંગલો, ખીણો અને ૬૦૦૦થી ૬૫૦૦ મીટરની ઉંચાઈવાળા પર્વતીય વિસ્તારોના જટિલ માહોલમાં સેના દ્વારા સામનો કરતા પડકારોનું વર્ણન કર્યું હતું. જનરલ રાવતે કહ્યું કે, આપણી નેવી હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં ફરજ ભજાવી રહી છે જ્યાંથી જહાજોની સૌથી વધુ અવર-જવર થાય છે. નેવીએ સમુદ્રમાં જ નહીં, તેની અંદર પણ કામ કરવાની સાથે ઝડપથી ઉભી થઈ રહેલી પરિસ્થિતિઓ વચ્ચે ટેકનોલોજી વિકસિત કરવાની જરુર છે.

જનરલ રાવતનું આ નિવેદન ભારત-ચીનના વધી રહેલા વિવાદ માટે મહત્વનું ગણવામાં આવી રહ્યું છે. કારણ કે વધી રહેલા વિવાદના ઉકેલ માટે રાજનૈતિક અને સૈન્ય વાતચીતનો દૌર ચાલી રહ્યો છે, પરંતુ કોઈ ખાસ પરિણામ નજર નથી આવી રહ્યું.

આ સાથે જનરલ બિપિન રાવતે વિદેશી ભાગીદારીઓને આમંત્રિત કરવાથી સંકોચ કરવાની વાત પર પણ જોર આપ્યું હતું. તેમના મુજબ વિદેશી ભાગીદારી દેશના ઉદ્યોગોને મદદ કરી શકે છે અને તેમને આગળ વધારી શકે છે. આપણે વિશ્વના અન્ય સૈન્ય બળ, ખાસ કરીને પડોસી દેશો સાથે ક્ષમતાનું આદાન-પ્રદાન કરી શકીએ છીએ.

### સેન્સેક્સ ૬૨૨ પોઈન્ટ વધીને પહેલીવાર ૪૩૨૭૭ પર બંધ

# શેર બજારમાં દિવાળી ધમાકો, પહેલી વાર સેન્સેક્સ ૪૩૦૦૦ને પાર

મુંબઈ,તા.૧૦

સકારાત્મક વૈશ્વિક સંકેતોને લીધે સપ્તાહના બીજા ટ્રેડિંગ દિવસ મંગળવારે શેરબજાર મજબૂત ઉછાળા પર બંધ રહ્યું. સેન્સેક્સ-નિફ્ટી આજે કારોબાર દરમિયાન નવી ટોચ પર પહોંચ્યા છે. બોમ્બે સ્ટોક એક્સચેંજનો ફ્લેગશિપ ઈન્ડેક્સ સેન્સેક્સ ૧.૬૦ ટકા વધીને ૬૩૨.૨૨ પોઈન્ટના અંતે ૪૩૨૭૭.૬૫ પર બંધ રહ્યો છે. તો નેશનલ સ્ટોક એક્સચેંજ નિફ્ટી ૧.૩૬ ટકા (૧૭૦.૦૫ પોઈન્ટ) વધીને ૧૨૬૩૧.૧૦ પર બંધ રહ્યો છે.

દિગ્ગજ શેરોની વાત કરીએ તો આજે ઈન્ડસઈન્ડ બેક્ર, બજાજ ફાઈનાન્સ, બજાજ ફિનસવર, એસબીઆઈ અને એલએન્ડટીના શેર લીલા નિશાન પર બંધ થયા છે. સિપ્લા, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક, નેસ્લે ઈન્ડિયા અને ડિવિસ્લૈબ લાલ નિશાન બંધ થયા છે.

જો આપણે સેક્ટોરલ ઈન્ડેક્સ પર નજર કરીએ તો આજે ફાર્મા અને આઈટી સિવાય તમામ સેક્ટર લીલા નિશાન પર બંધ થયા છે. આમાં મીડિયા, એફએમસીજી, પીએસયુ બેંક, બેંક, ખાનગી બેંક, ફાઈનાન્સ સેવાઓ, રિયલ્ટી, મેટલ અને ઓટોનો સમાવેશ થાય છે.

માર્કેટમાં શાનદાર વધારાને કારણે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ પણ રૂ. ૧૬૬ લાખ કરોડને પાર પહોંચી ગયું છે. દિગ્ગજ શેરોમાં રિલાયન્સ શેર ૧.૬૭% ની મજબૂતી સાથે ૨૦૮૪ પર પહોચ્યો હતો. કંપનીનું માર્કેટ કેપ પણ ૧૪ લાખ કરોડને પાર થઈ ગયું છે. શેરમાં વધારાને કારણે એચડીએફસી બેંકનું માર્કેટ કેપ પણ પ્રથમ વખત ૭.૫૭ લાખ કરોડને પાર થઈ ગયું છે. એચડીએફસી બેક્ર ૪% વધીને રૂ. ૧૩૯૪ થયો હતો. તેવી જ રીતે બજાજ ફાઈનાન્સનો શેર ૯% વધીને રૂ. ૪૨૦૮.૬૦ પર બંધ થયો હતો.

# પરફેક્ટ પત્ની પતિને પ્યારી




કોઈપણ સ્ત્રી લગ્નના થોડા સમય પછી ફરીયાદો કરતી હોય છે કે, તેના પતિને હવે તેનામાં રસ રહ્યો નથી. આ બાબત દરેકના ઘરમાં જોવા મળતી હોય છે. લગ્ન પહેલા દરેક યુવતી અને લગ્નના થોડા સમય સુધી દરેક પત્ની પોતાની દરેક નાનામાં નાની બાબત, જેમકે, કપડાં પહેરવા, તૈયાર થવું વગેરેમાં ખૂબ ચિવટ રાખતી હોય છે. દરેક પુરુષને પણ પસંદ હોય છે કે તેની પત્ની હંમેશા સુંદર અને સુઘડ દેખાય. થોડા વર્ષો બાદ આ પરિસ્થિતીમાં ફેરફાર થઈ જાય છે.

જો તમે પરિણીત હો તો પણ તમારે તમારું વ્યક્તિત્વ, તમારો વ્યવહાર, તમારી આદતો એવી રાખવી જોઈએ કે તમે ક્યાંય પણ ઊભા હો, તો પણ લોકો તમારી સાથે વાત કરવા માટે સામેથી આવે. તમારા પ્રત્યે આકર્ષિત બને. જો તમે તેમાં જરા પણ ઢીલાશ રાખશો તો તમારું આકર્ષણ ગુમાવી બેસશો. લોકો તમને નકારવા લાગશે અને ત્યારે તમે ખૂબ જ દુઃખી થઈ જશો. તમારી પાસે કોઈપણ વસ્તુની ઊણપ હોતી નથી. રૂપિયા-પૈસા, શિક્ષણ, સારો પતિ, સારો પરિવાર, સારા મિત્રો બધું જ હોય છે, પરંતુ તમારો વ્યવહાર, આદતો એવી હોય છે કે લોકો તમારાથી દુર ભાગે છે અને ત્યારે તમે દુઃખી થઈ જાઓ છો. એટલા માટે જો તમે ખરેખર સુખી જીવન જીવવા માંગતા હો તો તમને જોડતી કેટલીક બાબતો પર જરૂર ધ્યાન આપવાની જરૂર છે.

**શારીરિક બાંધો**

તમે જાડા હો કે પાતળા, કાળા હો કે ગોરા તેનાથી તમારું આકર્ષણ ક્યારેય ઓછું નથી થતું, પરંતુ પોતાના શરીર પ્રત્યે બેદરકારી રાખવાથી તે ઓછું થાય છે. અતિશય મોંઘાં કપડાંમાં લચી પડેલું શરીર કદી પણ સુંદર લાગતું નથી. તમારો બાંધો વ્યવસ્થિત હોય તો તમે સાધારણ પોશાકમાં પણ સુંદર દેખાશો. એટલા માટે જો તમે સ્થૂળ હો અને તમારા હાથનાં સ્નાયુઓ લચી પડેલા હોય કે કમર જાડી હોય તો તેને શેપમાં લાવવાનો પ્રયત્ન કરો, નહીં તો લોકોનું આકર્ષણ તમારા પ્રત્યે ઘટતું જશે. સાથે જ પતિને પણ તમારામાં રસ ઓછો થવા લાગશે.


**વ્યવસ્થિત કપડાં પહેરો**

કપડાં તમારું વ્યક્તિત્વ બનાવે છે તો તેને બગાડે પણ છે. કપડાંથી જ વ્યક્તિનું સ્તર અને વ્યવહારની જાણકારી મળી શકે છે. તમે હજારો રૂપિયાની સાડી પહેરી છે. કટ સ્વીલ બ્લાઉઝ પહેર્યો છે અને તમારી બ્રાની સ્ટ્રેપ બાજુ પરથી દેખાય છે તો વિચારો, જોનારાઓ તમારા વિશે શું વિચારશે? કરી દીધી ને ૧૦૦ રૂપિયાએ હજારો રૂપિયાની ચમકને ફીકી અને સાથે જ તમારા વ્યક્તિત્વને પણ ફીકું પાડી દીધું. જો સ્ટ્રેપ બતાવવાની ફેશન હોય તો સ્ટ્રેપ પણ તમારા ડ્રેસ જેવી જ સુંદર હોવી જોઈએ. પછી એને બતાવવા માટેની પણ સ્ટાઈલ હોવી જોઈએ. આ ઉપરાંત કપડાં એટલાં પાતળાં પણ ન પહેરો કે અંદરનાં વસ્ત્રો અને ડિઝાઈન સુધ્ધાં દેખાય. જો વસ્ત્રો આછાં ન હોય તો પણ અંદરનાં વસ્ત્રો એવાં ન પહેરો કે તેની ડિઝાઈન અને જોડ એટલી ઊપસે કે બાહ્ય વસ્ત્રોમાંથી પણ તે સાફ દેખાય. જો આંતરિક વસ્ત્રો ડિઝાઈનવાળાં હોય તો બાહ્ય વસ્ત્રો પણ તેને અનુરૂપ જ પહેરો.

જો હાથનાં બાવડાંના સ્નાયુઓ ઢીલાં પડી ગયા હોય તો કટ સ્લીવ્સ ન પહેરો. જો પેટ વધેલું હોય તો નાભિ બતાવતી સાડી ન પહેરો. જે પણ પહેરો વ્યવસ્થિત રીતે પહેરો. જેથી લાલચુ આંખોથી બચી શકાય. જયારે પણ ઘરેથી નીકળો ત્યારે તમારી જાતને વધુ પ્રકાશ પડતાં અરીસામાં એકવાર સારી રીતે જરૂર જોઈ લો.

**સ્વયંને પ્રેમ કરો**

પોતાની જાતને પ્રેમ કરવાનું શીખો. જો તમે પરિણીત હો તો તમારી પોતાની સંભાળ લેવી તમારા માટે ખૂબ જ જરૂરી છે. શરીરનો બેડોળ હશે. એની પતિને તો ખબર પડશે જ. હવે જો પતિ પણ તમારા પ્રત્યે નારાજગી વ્યકત કરે, ગુસ્સો કરે કે પછી અન્ય વ્યક્તિ સાથે તમારી સરખામણી કરી તમને નીચા દેખાડવાનો પ્રયત્ન કરે તો તેના માટે ગુનેગાર કોણ ગણાશે? તમે પોતે જ ને? વધુ સારું તો એ જ છે કે સુખી રહેવું હોય તો પોતાની જાતને પ્રેમ કરો. થોડો સમય તમારા પોતાના માટે પણ કાઢો અને બીજા માટે ઉદાહરણરૂપ બનો.



**હસો અને હસાવો**

સમયને બોજારૂપ બનતો અટકાવવાનો સીધો ઉપાય છે કે તેને હસીને પસાર કરો. તમને જો કોઈ બાબતની મુશ્કેલી પડતી હોય તો દુઃખી થવાથી શો ફાયદો? એ સમયને હસીને પસાર કરી લો.એ સાચું છે કે સુખ બહાર શોધવાથી નથી મળતું. નાની નાની ખુશીઓ શોધવી પડે છે. નાની નાની ઊણપોને દૂર કરવી પડે છે. પોતાની સંકુચિત વિચારધારાને વિસ્તૃત કરવી પડે છે. જો તમે એવું કરશો તો તમારું જીવન સુખી થઈ જશે.

દરેક પતિને તેની પત્ની માટે માન હોય છે કારણકે તે તેના ઘરને ખૂબ સુંદર અને પરિવારને ખૂબ પ્રેમથી રાખે છે. તે તેના સંતાનોની માતા હોય છે. પતિનો પ્રેમ હંમેશા જળવાઈ રહે તે માટે એક પત્નીએ હંમેશા વ્યવસ્થિત અને સુંદર દેખાવું જોઈએ. પતિને તમારા પ્રત્યેનું આકર્ષણ જળવાઈ રહે છે, સાથે જ તેને લાગે છે કે દરેક કાર્યમાં તેની પત્ની ખૂબ જ કુશળ છે. પત્નીની નજરોમાં હંમેશા તેની પ્રેમિકા બની રહેવા માટે ઘરની તમામ જવાબદારીઓની સાથે પોતાના પ્રત્યેની જવાબદારીમાંથી પણ ચૂકશો નહીં.

સરવાળે સંબંધ – મેધા પંડ્યા ભટ્ટ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક (સાહિત્ય સરિતા- આયોજક પ્રદીપ રાવલ..સ્પર્ધા સંચાલક : જીજ્ઞા કાપુરિયાં.. એડમીન પેનલ

NOG. સાહિત્ય સરિતા (૧)
મૌલિક રચના
NG. No. 0029
વિભાગ : ગધ
મૌલિક રચના: દિવાળી

હૈયાના હિંચકે ગમતી વાતને કે ગમતી વ્યક્તિને ભરપૂર યાદનો નાખીએ હિંચકો એટલે દિવાળી.
વીસની ભરયુવાનીને ફરી સાથી સાથે આંગળીમાં આંગળી પરોવીને જીવવાનું શરુ કરીએ એટલે દિવાળી.
તારામંડળના તણખા અને કોઠીની ઝરમરમાં ભૂત-વર્તમાન-ભવિષ્યનાં સચિત્ર નિરુપણ એટલે દિવાળી.
વીતી ગયેલી જિંદગીને અને થો..ડા કદાચ હારી ગયેલા શ્વાસને મનરુપી જિમમાં નોતરીને ફરી ફિટ બનાવવાનું રિઝોલ્યુશન એટલે.. જ તો દિવાળી.

લીના વછરાજાની.

---

NOG સાહિત્ય સરિતા (૧)
NG.No. : 0034
વિભાગ : પધ (મૌલિક રચના)
શીર્ષક : ચાલને દિવાળી મનાવીએ

દીપ પ્રગટાવી અંતરને અજવાળીએ,
લીંપેલા આંગણે રંગોળી સજાવીએ,
ચાલને દિવાળી મનાવીએ....
રાગ-દ્વેષનો ધુમાડો ગગનમાં ઉડાડીએ,
મનમંદિરને શુભ-લાભથી શણગારીએ,
ચારે દિશામાં પ્રેમનો ઉજાસ ફેલાવીએ,
ચાલને દિવાળી મનાવીએ....
ઘારી ને ઘૂઘરામાં સુખનું ફિલીંગ ભરીએ,
સુખ-દુઃખને અંતરમાં નવ ધરીએ,
શુભકામનાઓની સરવાણી વહાવીએ,
ચાલને દિવાળી મનાવીએ.....
જૂનાં મનદુઃખને ભુલી, આગળ વધીએ,
નવાં વર્ષની પાટીમાં શ્રીસવા ચીતરીએ,
શીશ નમાવી સૌને સાલમુબારક કહીએ,
ચાલને દિવાળી મનાવીએ......

ડો. રેખા શાહ

---

સુભાષિત ૩૧

સુભાષિત વાંચતા મળતી શીખ માનવે પોતાના જીવનમાં એક ગાંઠરૂપી બાંધી દેવી જોઈએ.જેથી માનવનાં માનસમાં બદલાવ નિશ્ચિંત રૂપે આવે છે.બાળ સહજ વૃત્તિ બદલાય છે..

સુપ્રભાત
છે ગરીબોના કૂબામાં તેલ ટીપુંય દોહ્યલું;
ને શ્રીમંતાઈની કબર પર ઘીના દીવા થાય

અહીં કવિ કે સંતે પરંપરામાં ચાલી આવતા ભેદને કેવો આપણી સામે મૂક્યો છે.આપણા દેશમાં ગરીબીએ તો અજગરની જેમ ભરડો લીધો છે. આ આર્થિક અસમાનતાનું વેધક અને હૈયું હચમચાવી નાંખે તેવું ચિત્ર આ પંક્તિઓ રજુ કરે છે.

ઝૂંપડાંમાં વસતા ગરીબોને ખાવા માટે ટીપું તેલ નથી હોતું,તો અમીરોને ત્યાં તો કબરો પર કે સમાધીઓ પર ઘીના દીવા પ્રગટાવામાં આવે છે.શ્રીમંતોને પૈસાની રેલમછેલ હોય છે ,તો ગરીબને તો મહામહેનતે રોજની રોજ કમાણી મળે તો પેટનો ખાડો પુરાય છે. શ્રીમંતો મહેફિલ ને મોજશોખમાં પૈસા વાપરે છે , તેટલા રૂપિયા પૈસાથી ગરીબનું એક વર્ષનું ખર્ચ નીકળી જાય છે.

અહીં કવિ કે સંતે કહ્યું છે જો માનવ આ સુભાષિતથી શીખે ને ગરીબને મદદરૂપ થાય.નાણાનો દુર્વ્યય કરવાને બદલે ગરીબને મદદ કરે તો સદ્ માર્ગે વપરાયેલા નાણાં કામ લાગે.તેમના બાળકોની ફી ભરાય ને તેઓ શિક્ષિત બને.

જયશ્રી પટેલ



# કરજણ બેઠક પરથી ભાજપના ઉમેદવાર અક્ષય પટેલનો ૧૬,૪૦૯ મતથી વિજય

વડોદરા,તા.૧૦

વડોદરા જિલ્લાની કરજણ બેઠકની પેટા ચૂંટણી યોજાયા બાદ આજે મતગણતરી પૂર્ણ થતાં કુલ ૨૯ રાઉન્ડમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અક્ષય પટેલ નો ૧૬૪૦૯ મતથી વિજય થયો છે.

વડોદરા જિલ્લાના કરજણ વિધાનસભા પેટાચૂંટણીની મતગણતરી આજે સવારે શરૂ થયા બાદ બપોર સુધીમાં શાંતિપૂર્ણ રીતે મત ગણતરી પૂર્ણ થઈ હતી. વડોદરા જિલ્લા ચૂંટણી વિભાગે કુલ ૨૯ રાઉન્ડમાં મત ગણતરીની વ્યવસ્થા કરી હતી. જેમાં આખરે ૨૯ સાઉન્ડની મતગણતરી પૂર્ણ થયા બાદ ૨૯માં રાઉન્ડના અંતે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અક્ષય પટેલ ને ૭૬,૮૩૧ મત મળ્યા હતા જ્યારે કોંગ્રેસના ઉમેદવાર કિરીટ સિંહ જાડેજાને ૬૦,૪૨૨ મત મળ્યા હતા. જેથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ૧૬,૪૦૯ મતથી વિજય થયા હતા.

કરજણની પેટાચૂંટણી રસાકસીભરી બની હતી ચૂંટણી દરમિયાન ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસના ઉમેદવાર વચ્ચે વચ્ચે સીધો જંગ હતો. ચૂંટણી દરમિયાન સામસામે મતદારોને રોકડ રકમ ચૂકવવામાં આવી હોવાની પણ ફરિયાદો થઇ હતી.

કરજણ પેટાચૂંટણીની મતગણતરી આજે સવારથી વડોદરા ખાતે પોલિટેકનિક કોલેજમાં શરૂ કરવામાં આવી હતી. સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી કોવીડ-૧૯ની તમામ ગાઇડલાઈન્સનો ચુસ્તપણે અમલ કરવામાં આવ્યો હતો. વડોદરાના પોલિટેકનિક કોલેજ ખાતે મત ગણતરી મથકે આવતા તમામ સૌપ્રથમ સેનિટાઇઝરથી હેન્ડ સેનિટાઇઝ અને ટેમ્પરેચર માપીને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

મત ગણતરીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અક્ષય પટેલનો વિજય થતાં કાર્યકરોમાં ઉત્સાહ વ્યાપ્યો હતો જ્યારે કોંગ્રેસમાં સોપો પડી ગયો હતો.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૫૪૭ અને ચાંદીમાં રૂ.૧,૧૦૬નો ઉછાળો: ક્રૂડ તેલમાં રૂ.૧૮ની વૃદ્ધિ

મુંબઈ:

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યૂચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨,૯૨,૧૯૨ સોદામાં રૂ. ૧૮,૯૩૮.૭૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં તેજીનો માહોલ હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪૭ અને ચાંદીનો વાયદો રૂ.૧,૧૦૬ ઊછળ્યો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને વધી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન અને મેન્થા તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક સુધારો થયો હતો, જ્યારે સીપીઓ ઘટીને ટ્રેડ થઈ રહ્યું હતું.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૯૦૧૪૯ સોદાઓમાં રૂ. ૧૦૮૨૮.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૯૩૧ ખૂલી, ઊપરમાં રૂ. ૫૦૬૬૪ અને નીચામાં રૂ. ૪૯૯૩૧ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૪૭ વધીને રૂ. ૫૦૨૯૫ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૩૫ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૪૦૩૭૧ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૩ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૫૦૭૪ થયા હતા, જ્યારે સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૪૩ વધીને બંધમાં રૂ. ૫૦૩૩૮ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૧૯૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૬૨૭૯૪ અને નીચામાં રૂ. ૬૧૪૪૩ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૦૬ વધીને રૂ. ૬૧૯૬૦ બંધ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર રૂ. ૧૦૩૮ વધીને રૂ. ૬૧૯૩૯ અને ચાંદી-માઈક્રો નવેમ્બર રૂ. ૧૦૨૪ વધીને રૂ. ૬૧૯૪૭ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૭૨૧૮૫ સોદાઓમાં રૂ. ૩૫૫૫.૮૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૯૫૫ ખૂલી, ઊપરમાં રૂ. ૩૦૪૭ અને નીચામાં રૂ. ૨૯૩૧ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૮ વધીને રૂ. ૩૦૧૯ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૧૫૩૧ સોદાઓમાં કુલ રૂ. ૧૭૫.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન નવેમ્બર વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૯૮૨૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૯૮૯૦ અને નીચામાં રૂ. ૧૯૭૬૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦ વધીને રૂ. ૧૯૮૭૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૮૮૫.૧ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧.૪ ઘટીને બંધમાં રૂ. ૮૮૭.૧ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ. ૯૪૫.૧ ખૂલી, ઊપરમાં રૂ. ૯૪૬.૯ અને નીચામાં રૂ. ૯૪૫.૧ રહી, અંતે રૂ. ૯૪૬ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૧૬૨ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૬૬ અને નીચામાં રૂ. ૧૧૫૭ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે ૫૦.૦૦ પૈસા વધીને રૂ. ૧૧૬૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૩૬૨૭૨ સોદાઓમાં કુલ રૂ. ૫૬૩૮.૨૭ કરોડ ની કીમતનાં ૧૧૧૮૮.૦૨૯ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૫૩૮૭૭ સોદાઓમાં કુલ રૂ. ૫૧૯૦.૫૭ કરોડ ની કીમતનાં ૮૩૫.૩૮૧ ટન, ક્રૂડ તેલમાં ૩૧૧૦૯ સોદાઓમાં રૂ. ૧૬૬૮.૪૯ કરોડનાં ૫૫૭૧૯૦૦ બેરલ્સ, કોટનમાં ૧૩૨ સોદાઓમાં રૂ. ૮.૫૫ કરોડનાં ૪૩૦૦ ગાંસડી, સીપીઓમાં ૧૩૬૬ સોદાઓમાં રૂ. ૧૬૬.૦૭ કરોડનાં ૧૮૮૪૦ ટન, મેન્થા તેલમાં ૫ સોદાઓમાં રૂ. ૭૧.૭૮ લાખનાં ૭.૫૬ ટન, કપાસમાં ૨૮ સોદાઓમાં રૂ. ૬૫.૦૯ લાખનાં ૧૧૨ ટનના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૭૦૨૦.૬૯૭ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૬૨.૪૦૯ ટન, ક્રૂડ તેલમાં ૩૫૯૪ બેરલ્સ, કોટનમાં ૪૧૭૨૫ ગાંસડી, સીપીઓમાં ૮૦૨૨૦ ટન, એલચીમાં ૦.૮ ટન, મેન્થા તેલમાં ૧૬૦.૯૨ ટન અને કપાસમાં ૪૬૦ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૦૬ ખૂલી, ઊપરમાં રૂ. ૨૨૧ અને નીચામાં રૂ. ૧૭૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૮ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૬૫ ખૂલી, ઊપરમાં રૂ. ૬૦૦ અને નીચામાં રૂ. ૩૬૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૩૯.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો નવેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૩૧૨૫ ખૂલી, ઊપરમાં રૂ. ૩૩૭૭.૫ અને નીચામાં રૂ. ૨૬૫૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૨૨૮ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો નવેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૯૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૨૦.૫ અને નીચામાં રૂ. ૮૦૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૦૪.૫ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો નવેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૭૧.૨ ખૂલી, ઊપરમાં રૂ. ૧૨૬.૬ અને નીચામાં રૂ. ૬૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૧.૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો નવેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૨૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૩૫ અને નીચામાં રૂ. ૮૦.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૨.૭ બંધ રહ્યો હતો.

# રામપુરા ચોકડી નજીકથી મળેલી લાશનો ભેદ ઉકેલાયો, હવસખોરે દુષ્કર્મ કરી હત્યાની કરી કબુલાત



હિંમતનગર,તા.૧૦

પ્રાંતિજના રામપુરા ચોકડી નજીકથી પંદરેક દિવસ અગાઉ મકાનના પાયામાં દાટી દીધેલી મૌછાની મહિલાની લાશ મળી આવ્યા બાદ પ્રાંતિજ પોલીસે મૃતકની ઓળખ કરીને વિજાપુરના હવસખોર હત્યારાને પણ ઝડપી પાડ્યા બાદ હત્યારાએ દુષ્કર્મ આચરી મહિલા સાથે ઝઘડો થયા બાદ તેની જ સાડીથી ગળે ટૂંપો દઈ હત્યા કરી લાશને મકાનના પાયામાં દાટી દીધાની કબૂલાત કરી હતી. ગત તા. ૨૪-૧૦-૨૦ના રોજ રામપુરા ચોકડી નજીક રામાપીરના મંદિર પાસે બની રહેલ મકાનના પાયામાં દાટેલી ૪૦ થી ૪૫ વર્ષીની મહિલાની લાશ મળતાં ગામના સરપંચ ભગવાનદાસ પૂંજાભાઈ પટેલે પ્રાંતિજ પોલીસને જાણ કર્યા બાદ પોલીસે એ.ડી. નોંધી કહોવાઈ ગયેલ લાશનું ફોરેન્સીક પીએમ કરાવ્યું હતું. પ્રાંતિજ પીઆઇ પ્રહલાદસિંહ વાઘેલાએ વિગત આપતાં જણાવ્યું કે મહિલાની ઓળખ માટે અનેક લોકો સાથે વાતચીત કરવા દરમિયાન જાણવા મળ્યું કે મૌછાની મહિલા મંગુબેન ઉર્ફે લીલાબેન અંદરસિંહ ચૌહાણ અવારનવાર રામપુરા ચોકડી નજીક જોવા મળતા હતા. જેના આધારે તેમના પતિને બોલાવી લાશના ફોટા બતાવતા હાથ પરના છૂંદણા સહિતની બાબતોને આધારે લાશની ઓળખ થઈ હતી અને લાશનું ફોરેન્સીક પીએમ કરાવતાં ગળે ટૂંપો દઈને મોત નિપજાવ્યાનો રિપોર્ટ આવ્યો હતો. જેને પગલે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરાઇ હતી.

મંગુબેન ઉર્ફે લીલાબેન ચૌહાણ પંદરેક વર્ષથી પ્રેમ સંબંધને કારણે ઘેરથી નીકળી ગયા હતા અને છેલ્લા બે એક વર્ષથી રામપુરા ચોકડી નજીક અવારનવાર જોવા મળતા હતા. તેમના ગુમ થવાના દિવસે છેલ્લે વિજાપુરનો રામાપીરના મંદિરે મહેશનાથ પબુનાથ નાથબાવા હાજર હોવાની ચોક્કસ માહિતી મળ્યા બાદ પોલીસે તેને પકડી લાવી પૂછપરછ કરતા ભાંગી પડ્યો હતો અને કબૂલાત કરી હતી કે તા. ૨૨-૧૦-૨૦ ના રોજ રાત્રે મંગુબેન મંદિરે રોકાયા હતા અને તેમની સાથે રાત્રે દસેક વાગ્યે દુષ્કર્મ આચર્યા બાદ ઝઘડો થતાં મંગુબેનની સાડી થી જ ગળે ટૂંપો દઇ મોત નિપજાવી મંદિર નજીક મકાનના ખોદેલા પાયામાં નાખી દઈ ઉપર માટી નાખી લાશ દાટી દીધી હતી.

# ૧૯ વર્ષના પુત્રને ગુમાવનાર નિવૃત્ત આર્મીમેનના પરિવારને સંતાન આપવા માટે મુસ્લિમ મહિલા સરોગેટ મધર બની

રાજકોટ,તા.૧૦

રાજકોટમાં હિંદુ-મુસ્લિમ એકતાનો એક સીમાચિહ્ન રૂપી કિસ્સો સામે આવ્યો છે જેમાં યુવાન પુત્રને ગુમાવનાર હિંદુ પરિવારને સંતાન આપવા માટે મુસ્લિમ મહિલા સરોગેટ મધર બની છે માત્ર એટલું જ નહિ તેમણે હિંદુ સંસ્કૃતિ પણ શીખી છે. શહેરના ઈન્દિરા સર્કલ પાસે આઈવીએફ સેન્ટર ધરાવતા નિષ્ણાત ડો. ભાવેશ વિઠ્ઠલાણીના જણાવ્યા અનુસાર રાજકોટમાં રહેતા અને તાજેતરમાં જ સૈન્યમાંથી નિવૃત્ત થયેલા ગજેન્દ્રસિંહ (નામ બદલેલ છે.)ના ૧૯ વર્ષના યુવાન પુત્રનું કેન્સરને કારણે નિધન થયું હતું. આધેડ ઉંમરે યુવાન પુત્ર ગુમાવ્યાનું દુઃખ હતું તેમજ પત્નીની ઉંમર અને આરોગ્યને જોતા સંતાન પ્રાપ્તિ પણ શક્ય ન હતી.


તેથી એક મુસ્લિમ મહિલાનો સંપર્ક કર્યો હતો તેમને દેશ પ્રત્યે લાગણીનો ભાવ હતો અને તેમાં પણ સૈનિકની હાલત જોતા તેઓ સરોગેટ મધર બનવા તૈયાર હતા. આઈવીએફ પદ્ધતિ વડે ગર્ભાધાન થયા બાદ મુસ્લિમ મહિલાએ પરિવાર સાથે જ રહેવાનું નિમંત્રણ સ્વીકાર્યું હતું તેમજ તેઓએ ગર્ભાધાન બાદ સંપૂર્ણ શાકાહારી બન્યા હતા અને માંસાહાર પણ ત્યજી દીધું હતું. મુસ્લિમ મહિલા જણાવે છે કે 'હું કોઇ પ્રોફેશનલ સરોગેટ મધર નથી. દેશની રક્ષા માટે સૈનિકો સરહદ પર તૈનાત રહે છે અને તેમનો પરિવાર પણ ઘણું બલિદાન આપે છે. આવા સૈનિક પરિવાર દુઃખમાંથી બહાર આવે અને ખુશી મળે તે માટે નિર્ણય લીધો હતો.

આ સમય દરમિયાન શાકાહારી ખોરાક લઈને હિંદુ સંસ્કૃતિ જાણી અને શીખી હતી તેમજ ગર્ભ સંસ્કારનું જ્ઞાન લીધું હતું. સ્વસ્થ બાળક માટે પરિવારની સાથે જ ઘણી માનતાઓ માની હતી તેમજ પ્રાર્થનાઓ કરી હતી. નિવૃત્ત સૈનિક ગજેન્દ્રસિંહ જણાવે છે કે 'ડો. ભાવેશ વિઠ્ઠલાણીને દેશ પ્રત્યે અને સૈનિકો પ્રત્યે ખૂબ આદર અને સન્માન છે તેથી જ તેમણે અંગત રસ લઈને મદદ કરી હતી. સરોગેટ મધરને કારણે તેમના જીવનમાં ફરી ખુશી આવી છે અને તેનો આભાર કદી ચૂકશે નહીં. મારા જેવા અનેક પૂર્વ સૈનિકોની તેઓએ મદદ કરી રહ્યા છે જે ઉત્કૃષ્ટ બાબત છે.'

# બનાસ એન પી પ્લસ સંસ્થા નાં સહયોગી શ્રી ઠાકોરદાસભાઈ ખત્રી નાં સહયોગ થી એચ.આઈ.વી પોજિટીવ લોકો સાથે દિવાળી ની અનોખી ઉજવણી કરવામાં આવી

(બનાસકાંઠા બ્યુરો)

આજ રોજ બનાસ એન.પી પ્લસ સંસ્થા,× પ્રોજેક્ટ ખેલ ખેલ મેં × અને પ્રોજેક્ટ વિહાન સાથે જોડાયેલા અને પાલનપુર એ.આર.ટી સેન્ટર પર થી સારવાર લેતા પાલનપુર તાલુકા અને આજુબાજુના ૩૦ જેટલા એચ.આઇ.વી પોઝીટીવ લોકો ને દિવાળી નિમિત્તે બનાસ એન.પી પ્લસ સંસ્થા નાં સહયોગી શ્રી ઠાકોરદાસભાઇ ખત્રી દ્વારા દરેક ને ૧-૧ કિલ્લો મોહનથાળ અને એક કિલો ફરસાણ વિતરણ કરવામાં આવ્યુ નાસ્તો આપવામાં આવ્યો



માસ વિતરણ કરવામાં આવી ખાસ

- શ્રી ઠાકોરદાસભાઈ ખત્રી સહયોગી બનાસ.એન.પી પ્લસ સંસ્થા

- લલિતભાઈ વાસવાણી, સહયોગી બનાસ એન પી પ્લસ

- એ.આર.ટી સેન્ટર ના સિનિયર મેડિકલ ઓફિસર ડો. રોલી ચંદ્રા મેડમ

-એ.આર.ટી સેન્ટર ના મેડિકલ ઓફિસર ડો. પરિતા પટેલ મેડમ

- સ્વેતના પ્રોજેક્ટ પ્રોજેક્ટ કો-ઓડિનેટર નીતિનભાઈ ડામોર

-વિહાન પ્રોજેક્ટ પ્રોજેક્ટ કો-ઓડિનેટર મફાજી ઠાકોર

- સંપૂર્ણ પ્રોજેક્ટ ના ડી એમ દીપકભાઈ પટેલ

- પ્રોજેક્ટ સ્વેતના એફ સી પાયલબેન અને જયશ્રીબેન

- કિરણભાઈ ચાવડા, સક્રિય કારોબારી સભ્ય બનાસ એન પી પ્લસ

ખાસ હાજર રહી ને દિવાળી અને નવા વર્ષની એડવાન્સ મા શુભેચ્છાઓ પાઠવી જેમાં બનાસ એન.પી પ્લસ સંસ્થા નાં પ્રમુખ અને વિહાન પ્રોજેક્ટ ના પ્રોજેક્ટ ડાયરેક્ટર નરેશભાઈ સોની સમગ્ર કાર્યક્રમ નું સફળ સંચાલન કરી મહેમાન અને દાતા શ્રી નું અભિવાદન કરી વિગતવાર બનાસ એન.પી પ્લસ સંસ્થા ની કામગીરી વિશે માહિતી આપી અને

સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા માટે નવનીતભાઈ મકવાણા, અરુણાબેન નાઇ, સોનલબેન મકવાણા એ ભારે જહેમત ઉઠાવી સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવેલ

# विद्वत् परिषद् के महामंत्री डॉ. महेन्द्रकुमार जैन 'मनुज' सम्मानित

*रतलाम।*

*श्रमणाचार्य श्री विमदसागर जी महाराज के ४४वें जन्मोत्सव समारोह के भव्य आयोजन के अवसर पर विद्वत् परिषद् के महामंत्री एवं जैन एडिटर्स एसोशिएशन के सचिव डॉ. महेन्द्रकुमार जैन 'मनुज' इन्दौर को सम्मानित किया गया। दिगम्बर जैन मुनिसेवा चातुर्मास समिति रतलाम के अध्यक्ष अर्पण जैन, महासचिव सौरभ जैन, चंद्रसंन जी गड़िया आदि ने मिलकर आचार्यश्री के सान्निध्य में सोमवार को आयोजित समारोह में सम्मानित किया। डॉ. मनुज ने आचार्य विमदसागर जी महाराज द्वारा लिखित पांच पुस्तकों- इन्द्र के प्रश्न, साधु की चार दीवारें, पिच्छी कमण्डलु, प्रतिक्रमण मीमांसा और हुण्डावसर्पिणी के प्रभाव का सम्पादन किया है। डॉ. मनुज अवतक लगभग ७७ पुस्तकों का लेखन-संपादक कर चुके है, आपके द्वारा संपादित एक ग्रन्थ विहार विश्वविद्यालय के स्नातकोत्तर उपाधि की परीक्षा के ३ प्रश्नपत्रों के लिए सम्मिलित किया गया है। डॉ. महेन्द्रकुमार जैन 'मनुज' की इस उपलब्धि पर अनेक लोगों ने शुभकामनाएं दी हैं। जिनमें विद्वात् परिषद् के सारस्वत अध्यक्ष प्रो. भागचंन्द्र जैन 'भास्कर'-नागपुर, परिषद् के उपाध्यक्ष प्रो. सनतकुमार जैन-जयपुर, जैन सम्पादक महासंघ के अध्यक्ष ब्र. जिनेश मलैया-इन्दौर, कार्याध्यक्ष एडवोकेट अनूपचंद जैन-फिरोजाबाद, विद्वत् परिषद् महिलाप्रकोष्ठ की अध्यक्ष डॉ. नीलम जैन-पुणे, दिगम्बर जैन समाज इन्दौर गोलापूर्व के अध्यक्ष डी.के.जैन पूर्व डीएसपी. इन्दौर, युवा प्रकोष्ठ के अध्यक्ष के.सी जैन इन्दौर, जैन विभव के सम्पादक अनुभव जैन, विद्वद्विमर्श के प्रबंध संपादक पं. जयन्तकुमार जैन-सरधना आदि प्रमुख हैं।*



# વલસાડ જિલ્લાના કપરાડા નવા સીમાંકન બાદ ભાજપની પ્રથમ જીત, કૉંગ્રેસમાંથી આવેલા જીતુ ચૌધરી જીત્યા

સતિષ પટેલ બ્યુરો ચીફ વલસાડ

નવા સીમાંકન બાદ કપરાડા બેઠક (Kaparada constituency) પર જીતુ ચૌધરી (Jitubhai Chaudhari)એ ભાજપ (BJP)ને પ્રથમ વખત જીતનો સ્વાદ ચખાડ્યો છે. જીતુભાઈ ચૌધરીએ કૉંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામું ધરી દીધા બાદ આ બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી. ત્રીજી નવેમ્બરના રોજ ચૂંટણી બાદ આજે પરિણામ જાહેર થઈ ગયા છે. જેમાં આ બેઠક પર જીતુ ચૌધરીએ કૉંગ્રેસના બાબુભાઈ વરઠા (Babubhai Jivlabhai Varatha) હાર આપી છે.



કપરાડામાં ભાજપની જીતના કારણ

કૉંગ્રેસના આંતરિક જૂથવાદનો ફાયદો મળ્યો.

જ્ઞાતિનું ગણિત સાધવાની રણનીતિ સફળ રહી.

જીતુ ચૌધરીનો બહોળો રાજકીય અનુભવ ઉપયોગી બન્યો.

સંગઠનને મજબૂત રાખવામાં છેલ્લે સુધી સફળ રહ્યા.

કપરાડા બેઠક વિશે જાણવા જેવું

કપરાડા વાપી અને પારડી તાલુકાના ગામોનો સમાવેશ.

૧૬૨ ગામડાઓની બનેલી બેઠક.

આદિવાસીઓની બહુમતી,આદિવાસી અનામત બેઠક.

ગ્રામ્ય વિસ્તારના મતદારોનો સમાવેશ.

કપરાડા બેઠકનો રાજકીય ઈતિહાસ

૨૦૦૭ સુધી મોટા પોંઢા તરીકે ઓળખાતી હતી.

૨૦૧૭માં ૮૩.૯૧ ટકા થયું હતું મતદાન.

પરંપરાગત રીતે કૌંગ્રેસ તરફી રહ્યા પરિણામ.

નવા સીમાંકન બાદ ક્યારેય ભાજપની જીત નહીં.

મોટા પોંઢા બેઠક હતી ત્યારે ભાજપની એક જીત.

૨૦૧૭માં માત્ર ૧૭૦ મતથી કૌંગ્રેસની જીત.

છેલ્લી ૫ ચૂંટણીમાં કપરાડાથી કોણ જીત્યું?

૨૦૧૨: ચૂંટણીમાં જીતુ ચૌધરી ચૂંટાયા.

૨૦૧૭: ચૂંટણીમાં જીતુ ચૌધરી ચૂંટાયા.

જીતુ ચૌધરી ચાર વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે.

અગાઉ મોટા પોંઢાથી ૨ વખત ચૂંટાયા હતા.

**કપરાડાનું જ્ઞાતિ સમીકરણ**

વારલી-૩૬.૮ ટકા

ધોડિયા-૨૬.૫ ટકા

કુંકણા-૨૨.૫ ટકા

કોળી પટેલ-૪.૯ ટકા

અન્ય-૯.૩ ટકા

**કોની કોની વચ્ચે ટક્કર હતી?**

અબડાસા---પ્રદ્યુમનસિંહ જાડેજા--ડો.શાંતિલાલ સંઘાણી

મોરબી------બ્રિજેશ મેરજા-------જયંતીલાલ પટેલ

ધારી--------જે.વી. કાકડિયા-----સુરેશ કોટડિયા

કરજણ------અક્ષય પટેલ--------કિરીટસિંહ જાડેજા

કપરાડા------જિતુ ચૌધરી--------બાબુભાઈ વરઠા

ગઢડા--------આત્મરામ પરમાર--મોહનલાલ સોલંકી

ડાંગ----------વિજય પટેલ-------સૂર્યકાંત ગાવિત

લીંબડી-------કિરીટસિંહ રાણા---ચેતન ખાચર

## રવિવારે રાત્રે રેતી ચોરી કરતા આઠ ડમ્પર જપ્ત કર્યા.

# સાબરકાંઠા ખાણ ખનીજ વિભાગનું મેગા ઓપરેશન

સાબરકાંઠા જિલ્લામાં ખનીજ ચોરી કરતા તત્વોને કાયદાનો પાઠ ભણાવવા ભૂસ્તરશાસ્ત્રીની કચેરીએ કમર કસી છે. ગઈકાલે જ ખાણ ખનીજ ની ટીમ જોરાપુર ખાતે પકડાયેલ ખનીજ ચોરી ની કાર્યવાહીમાં વ્યસ્ત હોવાથી તેનો લાભ લઈ ને બીજા તત્વો રોયલ્ટી ભર્યા વિના રેતી ચોરી કરવાનો કારસો ઘડી રહ્યા હોવાની બાતમી મળતા ભૂસ્તરશાસ્ત્રી શ્રી સુભાષ જોષીએ તેમની ટીમને સજ્જ રહેવા સૂચના આપી હતી. જિલ્લાના ખનીજ ચોરો ઉરઢંજછઁ દ્વારા અધિકારીઓ ની રેકી કરતા હોવા છતાં તેમને આબાદ રીતે સકંજામાં લઈને દેરોલ હિંમતનગર રોડ પાસેથી સાત અને મોતીપુરા સર્કલ પાસેથી એક એમ કુલ આઠ ડમ્પર ઝડપી પાડયા હતા. આ તમામ વાહનો ના ડ્રાઈવર અચાનક પડેલા છાપા થી ભાગી ગયા હતા પરંતુ વિભાગ દ્વારા કડકાઈ થી કામ લેતા અંતે હાજર થયા હતા અને વાહનોને જપ્ત કરવાની કામગીરી સવારે ચાર વાગ્યા સુધી ચાલુ રહી હતી. ખાણ ખનીજ વિભાગ દ્વારા આ ગુનામાં અંદાજે ૧.૬૦ કરોડના વાહનો જપ્ત કર્યા છે અને અંદાજે રૂ ૧૬ લાખની દંડની રકમની વસૂલાત કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા ખાણ ખનીજ વિભાગે છેલ્લા ચાર મહિનાથી ૧૫૦ થી વધુ કેસો પકડી પાડયા છે અને રૂપિયા ૨૦૦ લાખની દંડકીય રકમની વિક્રમજનક વસુલાત કરી છે જેના કારણે ખનીજ ચોરો મા ફફડાટ ફેલાયો છે જ્યારે નિયમ પ્રમાણે કામ કરતા લીઝ ધારકો ખુશ છે. જોકે આવી પ્રસંસનીય કામગીરી માટે ભૂસ્તરશાસ્ત્રી શ્રી સુભાષ જોષીએ જણાવ્યું હતું કે આ શ્રેય તેમની ટીમના ફાળે જાય છે કારણ કે તેઓ અથાગ મહેનત કરી રહ્યાં છે અને થાક્યા વગર દોડી રહ્યા છે. આગામી દિવસોમાં આ કાર્યવાહી સતત ચાલુ રહેશે.

ખનીજ ચોરો સામે ખાણ ખનીજ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ આવી કડક કાર્યવાહીની ચોમેરથી પ્રસંશા થઈ રહેલ છે

માલજી દેસાઈ ઈડર

## ધાનાણીનું ટ્વીટ

# મંદી, મોંઘવારી તથા બેરોજગારીને હરાવી, કાળાધનના કોથળાઓનો જ્વલંત વિજય



ગાંધીનગર,તા.૧૦

પેટાચૂંટણીના પરિણામનું ચિત્ર લગભગ સ્પષ્ટ થઈ ગયું છે. અબાડાસા, ધારી, ડાંગ, ગઢડા, લીંબડી, કરજણ, કપરાડા જેવી સાત બેઠકો પર ભાજપ સારી એવી લીડથી આગળ નીકળી ગયું છે. સીઆર પાટીલ ભાજપના પ્રમુખ બન્યા બાદની આ તેઓની પ્રથમ ચૂંટણી છે. હાલ સુત્રો દ્વારા મળી રહેલા સમાચાર અનુસાર ગુજરાત ભાજપે પેટા ચૂંટણીમાં આઠે આઠ બેઠકો પર જીત મેળવી લીધી અને કોંગ્રેસના સુપડા સાફ કર્યા છે ત્યારે વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ આ સમયે પોતાની હાર સ્વીકાર કરતુ ટ્વીટ કરવામાં આવ્યું છે અને ભાજપના વિજેતા નેતાઓને જીત બદલ અભિનંદન પણ પાઠવ્યા છે. ધાનાણી દ્વારા કરવામાં આવેલા ટ્વીટમાં ભાજપના નેતાઓને જીતના અભિનંદન સાથે સાથે તેમના પર નિશાન પણ સાધ્યું છે અને પોતાની આગવી શૈલીમાં નેતાઓને આડેહાથ લીધા છે. અને કોંગ્રેસના નેતાઓ, કાર્યકરો નો આભાર વ્યકત કરતા તેમણે આ લડાઈમાં અડીખમ ઉભા રહેવા બદલ સલામ કરી છે.

ધાનાણીએ સોશિયલ મીડિયાના માધ્યમથી નિશાન સાધતા કહ્યું છે કે,

×પેટા ચૂંટણીના પરિણામ×

પરિણામ ઈ અમારી ‘ઊણપો ‘નો અરિસો, ×જનાદેશ×નો નત મસ્તકે સ્વીકાર કરુ છુ,

મંદી, મોંઘવારી તથા બેરોજગારીને હરાવી, કાળાધનના કોથળાઓનો જ્વલંત વિજય, ભાજપના ×ભાઈ× અને ×ભાઉ× સહિત, વિજેતા ઉમેદવારોને અંતરથી અભિનંદન, આઝાદીની લડાઈમા અડીખમ ઊભેલા, કોંગ્રેસી કાર્યકરોને સલામ..!

# અમને એવું હતું કે પ્રજા ગદ્દારોને સબક શિખવાડશે: અમિત ચાવડા

*અમદાવાદ,તા.૧૦*

ગુજરાત વિધાનસભા પેટા ચૂંટણીમાં ભાજપે આઠે આઠ બેઠક જીતી લીધી છે અને કૉંગ્રેસનો સફાયો થયો છે. પેટા ચૂંટણીમાં મોરબી, ગઢડા, ધારી, કપરાડા, અબડાસા, લીંબડી, કરજણ અને ડાંગ બેઠક પર ભાજપનો ભવ્ય વિજય થયો છે. જયમાં પેટાચૂંટણીના પરિણામો જાહેર થઈ રહ્યા છે. ગુજરાતની તમામ ૮ બેઠકો પર પેટાચૂંટણીના પરિણામમાં ભાજપ વિજય ભણી છે. ચૂંટણીના પરિણામ જાહેર થાય તે પહેલાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પ્રેસ કૉન્ફરન્સ સંબોધી હતી. વિજય રૂપાણીએ જણાવ્યું કે ‘આવનારા દિવસોમાં હવે ભાજપના ૧૧૧ ધારાસભ્યો થઈ જશે, પ્રજા જાણે છે અને તેના કારણે જ કૉંગ્રેસની આવી હાલત છે.‘ તો કૉંગ્રેસની હાર વિશે અમિત ચાવડાએ પણ પોતાનું નિવેદન આપ્યું છે. અમિત ચાવડાએ પ્રેસ કૉન્ફરન્સ કરી અને કહ્યું કે ‘અમને એવું હતું કે પ્રજા ગદ્દારોને સબક શિખવાડશે, પણ અમે પ્રજાનો જનાદેશ સ્વીકારીએ છીએ’’

ચાવડાએ કહ્યું કે ‘‘રાજ્યસભાની એક બેઠક માટે ભારતીય જનતા પાર્ટીએ કૉંગ્રેસના ધારાસભ્યોને પક્ષ પલટો કરાવતા કોરોનાના કપરાકાળમાં પ્રજાના માટે ૮ બેઠકોની ચૂંટણી આવી હતી. જે લોકોએ સત્તાના જોરે, પૈસાના જોરે આ ચૂંટણીઓમાં ઝંપલાવ્યું તેમને પ્રજા હરાવશે તેવું અમારું અનુમાન હતું. અમને એવું હતું કે પ્રજા ગદ્દારોને સબક શિખવાડશે પરંતુ લોકશાહીમાં પ્રજાનો જનાદેશ અમે સ્વીકારીએ છીએ. અમે હારના કારણો ચકાસીશુ અને ફરીથી પ્રજાની વચ્ચે પ્રજાના પ્રશ્નો લઈને જઈશું. આ વિષય સ્થિતિમાં પણ ભાજપ સામે લડ્યા તે બદલ કાર્યકર્તાઓને અભિનંદન.

# કેશોદ ડે. કલેક્ટર સુશ્રી રેખાબા સરવૈયા ને એડીશનલ કલેકટર તરીકે પ્રમોશન મળતાં અભિનંદન ની વર્ષા

કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

કેશોદ પ્રાંત અધિકારી અને નાયબ કલેકટર તરીકે ફરજ બજાવતા રેખાબા સરવૈયા ને રાજ્ય સરકાર દ્વારા એડીશનલ કલેકટર તરીકે પ્રમોશન સાથે કેશોદ ખાતે જ નિમણુંક આપવામાં આવી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થયાં બાદ ડિટેલ પોસ્ટીગ આપવામાં આવશે. કેશોદ શહેર તાલુકા ઉપરાંત માંગરોળ તાલુકામાં પોતાની નિર્ણયશક્તિ અને કાર્યપદ્ધતિ થી જબ્બર લોકચાહના મેળવનાર કેશોદમાં ડે. કલેક્ટરની ફરજ બજાવતા સુશ્રી રેખાબા સરવૈયા મુળ રાજકોટ જીલ્લાનાં ધોરાજી તાલુકાના છત્રાસા ગામના વતની આર. ડી. સરવૈયા તા. ૧૫.૫.૧૯૭૩ ના રોજ જન્મેલાં તેઓ વિજ્ઞાનક્ષેત્રે અનુસ્નાતક છે પત્રકારત્વ અભ્યાસ પણ કરેલ છે ઉચ્ચ શિક્ષણમાં એકથી વધુ વખત યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે રહ્યા હતા



જી. એ. એસ. કેડર હોવા ઉપરાંત ગુજરાત સાહિત્ય અકાદમી પ્રતિષ્ઠિત પુરસ્કારીત તેમના વાર્તા સંગ્રહો વર્ષ ૨૦૦૨માં તેઓએ લખેલ સૌથી પહેલું પુસ્તક ×રેત પર અક્ષર× વર્ષ ૨૦૧૬માં ×ખોબામાં દરીયો× અને વર્ષ ૨૦૧૮માં ×ધબકતુ શિલ્પ× ત્રણ પુસ્તકો પ્રસિદ્ધ થયાછે આકાશવાણી રાજકોટના એનાઉન્સર તરીકે પણ તેઓનું યોગદાન છે વર્ષ ૨૦૦૭ માં પ્રથમ પોસ્ટીંગ માણાવદર ખાતે ત્યાર બાદ જુનાગઢ કલેક્ટર કચેરીના મનોરંજન વિભાગ તાલાળા જામનગર મોરબી જુનાગઢ મુકામે પણ મામલતદારની ઉત્કૃષ્ટ કામગીરી બજાવી હતી

ઈસરો એવોર્ડથી પણ સન્માનિત થયેલાં છે

ગુજરાતનો સૌથી પ્રતિષ્ઠિત એવો કેતન મુનશી પુરસ્કાર તેઓને મળેલ તેમજ અસ્મિતા પર્વમાં પણ તેઓની પ્રસ્તૃતી વખાણવા લાયક રહી હતી . ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નાં વિવિધ સન્માનીય પ્રમાણપત્રો,રોકડ પુરસ્કાર અને પારિતોષિક એનાયત કરવામાં આવેલ છે.

જર્નલીઝમ તથા એમ. એસ. સી. માં ગોલ્ડ મેડાલીસ્ટ ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના જર્નલીઝમ વિભાગ લેક્ચરર તથા આકાશવાણી રાજકોટ એલાઉન્સરની સેવા બજાવી ચુકેલાં તેઓ જુનાગઢના પ્રથમ મહિલા મામલતદાર તે સમયે હતા.ગીર સોમનાથ જીલ્લાના પુર્વ અને હાલ કેશોદ ડે. કલેક્ટરની ફરજ બજાવતા સુશ્રી રેખાબા સરવૈયાને શુભેચ્છા સાથે શુભેચ્છકો સ્નેહીઓ અને આગેવાનો અભિનંદન આપી રહ્યા છે.

# મે કહ્યું હતું કોંગ્રેસની કબર પર છેલ્લો ખીલ્લો ઠોકવાની આ ચૂંટણી છે: રૂપાણી

*ગાંધીનગર,તા.૧૦*

રાજયમાં પેટાચૂંટણીના પરિણામોનું ચિત્ર ધીમેધીમે સ્પષ્ટ થઈ રહ્યું છે. તમામ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાઈ રહ્યો છે. ત્યારે ચૂંટણીના પરિણામો જાહેર થાય તે પહેલાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પ્રેસ કૉન્ફરન્સ કરીને માહિતી આપી હતી. સીએમ રૂપાણીએ પેટાચૂંટણીના પરિણામ પર પોતાનું નિવેદન આપ્યું છે.

તેમણે જણાવ્યું કે, સર્વત્ર ભાજપનો વિજય થઈ રહ્યો છે. આ ગુજરાતની જનતાનો વિજય છે. બિહારમાં પણ ભાજપ આગળ છે. ભાજપના કાર્યકરોએ કઠિન પરિશ્રમ કર્યો છે આ તેનું પરિણામ છે. ભાજપ સરકારે પ્રજાલક્ષી કામ કર્યા છે. પીએમ નરેન્દ્ર મોદીના પ્રજાલક્ષી કામ પર લોકોએ ભરોસો મૂક્યો છે. તેમણે કોંગ્રેસ પર આક્ષેપ કરતા જણાવ્યું કે, હવે કોંગ્રેસની કબર પર છેલ્લો ખિલ્લો ઠોકવાની આ છેલ્લી ચૂંટણી છે. કોંગ્રેસનો સંપૂર્ણ રકાસ થયો છે. ભાજપ સાથે આદિવાસી, મુસ્લિમ સમાજ સાથે રહ્યો છે. ભાજપે જીત નહીં, પણ ભવ્ય જીત મેળવી છે.

સીએમ રૂપાણીએ ઉમેર્યું કે, કોર્પોરેશન, પંચાયત અને ૨૦૨૨ પહેલાનું આ ધમાકેદાર ટ્રેલર છે. આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે આ માત્ર ટ્રેલર છે. ડાંગના ઈતિહાસમાં ભાજપને સૌથી મોટી લીડ મળી છે. આવનારા દિવસોમાં હવે ભાજપના ૧૧૧ ધારાસભ્યો થઈ જશે, પ્રજા જાણે છે અને તેના કારણે જ કૉંગ્રેસની આવી હાલત છે.’

# સિદ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોરે દિવાળી સમયે દંડમાં હળવાશ કરવા બાબતે ભલામણ કરી

ધ્રુવ દવે સિદ્ધપુર

આજરોજ સિધ્ધપુરના યુવા અને જાગૃત ધારાસભ્ય શ્રી ચંદનજી ઠાકોર સાહેબ દ્વારા ગુજરાતના ગૃહમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા સાહેબને દિવાળી સમયે માસ્કના દંડમાં હળવાશ કરવા બાબત પત્ર લખી જણાવ્યું હતું કે સરકારનો માસ્ક પહેરવાનો ફરજીયાત નિર્ણય કોરોના મહામારી સમયે ખુબજ આવકાર દાયક છે.જે સાથે અમે પણ સહમત છીએ આમ છતાં સરકારી વહીવટમાં લોકલાગણી, ભાવનાઓને પણ ધ્યાને લેવામાં આવે તે અપેક્ષિત હોય છે.ખાસ અમારા પાટણ વિસ્તારની વાત કરું તો આ વિસ્તારમાં શિક્ષણ ઓછું હોવાથી ઘણીવાર માસ્કની જરુરિયાત ગંભીરતા ઉપર ધ્યાન ન રહેતો લોકો માસ્ક લોકો માસ્ક પહેર્યા વિના બહાર નિકળે છે.જે સાવ ખોટું છે.દંડને પાત્ર છે.પણ દંડની રકમ ૧૦૦૦/- રૂ. ને બદલે ૨૦૦/- રૂપિયા કરવા મારૂ આ દિવાળી પ્રસંગે ખાસ સુચન છે.મારા ધ્યાને એવા કિસ્સા આવ્યા છે કે ૧૦૦૦/- રૂપિયા લઈને દિવાળીની ખરીદી માટે આવતો વ્યક્તિ માસ્ક ન પહેરેલું હોય ૧૦૦૦/- રૂપિયાનો દંડ ભરી ખરીદી વિના ખાલી હાથે ઘરે જાય ત્યારે એના બાળકો પિતા કંઈ નથી લાવ્યા આ સ્થિતિ જોઈ ખુબ વેદના અનુભવે છે આ ઘેર દિવાળીની ચમક ઓછી થઈ જાય છે. આ સ્થિતી ધ્યાને લઈ હાલના દિવાળી પર્વ નિમિત્તે દંડની રકમમાં ઘટાડો કરી સામાન્ય માનવીના દર્દને સમજશો તેવી ભલામણ કરી હતી.

# છારોડી ગુરૂકુલ ખાતે સંતો–મહંતો સાથે કરતા રાષ્ટ્રીય કામધેનુ આયોગના અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરીયા

## સંતોને ગાયના ગોબરમાંથી બનાવેલ દિવડાઓની કિટ ભેટ આપીને અભિવાદન કરતા ડો. વલ્લભભાઈ કથીરીયા

ભારત સરકારના રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારા અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરીયાની પ્રેરણાથી આ વર્ષે ૧૧ કરોડ પરીવારોમાં ૩૩ કરોડ દેવી–દેવતાઓનો વાસ ધરાવતી ગૌમાતાના ગોબરમાંથી બનેલ ૩૩ કરોડ દિવા પ્રગટે તે માટે ‘‘કામધેનુ દિવાપલી અભિયાન‘‘ ના મંગલાચરણ કરવામાં આવ્યા છે. છારોડી ગુરૂકૂલ ખાતે સાધુ–સંતો સાથે શુભેચ્છા મુલાકાત દરમ્યાન ગાયના ગોબરમાંથી બનાવેલ ગોમય દિવડાઓની કિટ આપીને અભિવાદન કર્યું હતું.



આ અભિયાન અંગેની તમામ માહિતી જાણી પ.પૂ.સ્વામીશ્રી પરમાત્માનંદજી, પ.પૂ. આચાર્ય શ્રી અવિચલદાસજી મહારાજ, પ.પૂ. શ્રી માધવપ્રિયદાસજી, પ.પૂ. શ્રી ક્રિષ્ન મણીજી, પ.પૂ. શ્રી વિશ્વેવરાનંદજીએ પોતાના હૃદયની પ્રસન્નતા વ્યકત કરીને આ અભિયાનને સમર્થન આપ્યું હતું. ‘‘આત્મ નિર્ભર ભારત‘‘, ‘‘વોકલ ફોર લોકલ‘‘, ગ્રીન ઈન્ડિયા, મેઈક ઈન ઈન્ડિયા સહીતના પ્રધાનમંત્રીજી નરેન્દ્રભાઈ મોદીના અનેક સ્વપ્નોને સાકાર કરી શકવાનું સામર્થ્ય ધરાવતી ‘‘ગૌ આધારીત અર્થતંત્ર વ્યવસ્થા‘‘ દ્વારા સમગ્ર રાષ્ટ્રનું અને સમગ્ર વિશ્વનું કલ્યાણ થઈ શકશે. આ શુભેચ્છા મુલાકાત દરમ્યાન રાષ્ટ્રીય કામધેનુ આયોગના ‘કામધેનુ દિપાવલી અભિયાન‘ નાં મિતલ ખેતાણી, સુનીલ કાનપરીયા, રાહુલ શેઠ વિગેરે જોડાયા હતા.

## ભારત સરકારના રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારા ડો. વલ્લભભાઈ કથીરીયાની પ્રેરણાથી શરૂ કરાયેલ

# ‘કામધેનુ દિપાવાલી અભિયાન‘ માં દિવ્યાંગ બાળકોની સંસ્થા પ્રયાસ પેરેન્ટ એસોસીએશન ફોર ચિલ્ડ્રન વીથ સ્પેશ્યલ નીડ જોડાયું

ભારત સરકારના રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારા અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરીયાની પ્રેરણાથી આ વર્ષે ૧૧ કરોડ પરીવારોમાં ૩૩ કરોડ દેવી–દેવતાઓનો વાસ ધરાવતી ગૌમાતાના ગોબરમાંથી બનેલ ૩૩ કરોડ દિવા પ્રગટે તે માટે ‘‘કામધેનુ દિપાવલી અભિયાન‘‘ ના મંગલાચરણ કરવામાં આવ્યા છે. આ અભિયાન અંગે સૌને માહિતી મળે, સૌના મહત્વપૂર્ણ સૂચનો પ્રાપ્ત થાય તેમજ ગૌ માતાનું રક્ષણ થાય તેવા પવિત્ર સંકલ્પથી રાજકોટની દિવ્યાંગ બાળકોની સંસ્થા પ્રયાસ પેરેન્ટ એસોસીએશન ફોર ચિલ્ડ્રન વીથ સ્પેશ્યલ નીડના દિવ્યાંગ બાળકો દ્વારા એક



ડેમોસ્ટ્રેશન રાખવામાં આવ્યું હતું જેમાં સંસ્થાના દિવ્યાંગ બાળકો ગોમય દિવડાઓનું ડેમોસ્ટ્રેશન રજૂ કર્યું હતું. આ અભિયાન અંગે સંસ્થાના પુજાબેન પટેલ, ભાસ્કરભાઈ પારેખ બાળકોને આ અંગે માર્ગદર્શન આપ્યું હતું. રાષ્ટ્રીય કામધેનુ આયોગના ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરીયા, શિક્ષણ સમિતીના ચેરમેન નરેન્દ્રસિંહ ઠાકુર વિશેષ ઉપસ્થિતિ રહયાં હતાં. આ પ્રસંગે રાષ્ટ્રીય કામધેનુ આયોગના ‘કામધેનુ દિપાવલી‘ અભિયાનનાં મિતલ ખેતાણી, અમર તલવરકર, વિનય સભાયા પણ જોડાયા હતા. તેમજ દિવ્યાંગ બાળકો તથા તેમના વાલીઓએ દિવડા બનાવવાનું લાઈવ પ્રદર્શન યોજાયું હતું. તેમજ આ દિવડા બનાવવામાં રાષ્ટ્રીય કામધેનુ આયોગના અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરીયા, નરેન્દ્રસિંહ ઠાકુરે પણ આ દિવ્યાંગ બાળકોની સાથે દિવડા બનાવવામાં ભાગ લીધો હતો. આ દિવ્યાંગ બાળકો પુરેપુરા મેન્ટલી રીટાર્ડ છે જેઓએ આ દિવા ગોમાતાના ગોબરમાંથી બનાવી તેમાં પુજાબેન પટેલ સતત આ બાળકો સાથે રહી તેને પ્રોત્સાહીત કરી માર્ગદર્શન આપી આ કામગીરી પૂર્ણ બનાવેલ છે. આ માટે ખરેખર પ્રયાસ પેરેન્ટસ એસો. ફોર ચિલ્ડ્રન વિથ સ્પે. નીડસને આ કામગીરી પૂર્ણ કરી નવી ઉંચાઈએ લઈ જવા તેમજ આ દિવ્યાંગ બાળકોના કૌશલ્યને બહાર કાઢી પ્રોત્સાહીત કરી સમાજ પ્રત્યે ઉતમ ઉદાહરણ પુરું પાડેલ છે જે ખરેખર બીરદાવવા લાયક અને ઉતમ છે. આ કાર્યક્રમમાં પુજાબેન પટેલ, ભાસ્કરભાઈ પારેખએ જહેમત ઉઠાવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK